dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 37 । AD - 2026, Aso Vad-13 । Friday, Dt.06-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ધરપકડ અને પોલીસ કસ્ટડી અંગે સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

પોલીસ મનસ્વી રીતે આરોપીઓને અટકાયતમાં રાખી શકશે નહીં

નવી દિલ્હી,તા.૦૫



સુપ્રીમ કોર્ટે ધરપકડ અને પોલીસ કસ્ટડી અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કડક શબ્દોમાં જણાવ્યું છે કે આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટે ૨૪ કલાકની બંધારણીય સમયમર્યાદા તેમની ઔપચારિક ધરપકડ દર્શાવેલા સમયથી નહીં, પરંતુ તેમની વાસ્તવિક અટકાયત કરવામાં આવી હોય તે સમયથી જ શરૂ થાય છે. આનો સીધો અર્થ એ થાય છે કે પોલીસ હવે કોઈ પણ વ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂક્યા પછી ઔપચારિક ધરપકડના ચોપડામાં વિલંબ કરીને ૨૪ કલાકની સમયમર્યાદા લંબાવી શકશે નહીં. આ મહત્વના નિર્ણયની સાથે જ સર્વોચ્ચ અદાલતે ત્રિપુરા હાઈકોર્ટના આદેશને રદ કરીને ચાર આરોપીઓને જામીન પર તાત્કાલિક મુક્ત કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

આ સમગ્ર મામલો એનડીપીએસ (નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ હેઠળ નોંધાયેલા કેસ સાથે જોડાયેલો હતો. ચારેય વ્યક્તિઓએ સુપ્રીમ કોર્ટમાં ત્રિપુરા હાઈકોર્ટના તે આદેશને પડકાર્યો હતો, જેણે તેમની અટકાયત ગેરકાયદે હોવાની અરજી ફગાવીને જામીન આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. આ મહત્વપૂર્ણ કેસની સુનાવણી ન્યાયાધીશ ઉજ્જવલ ભૂયાન અને ન્યાયાધીશ અતુલ એસ. ચાંદુરકરની ખંડપીઠ દ્વારા કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે ભારતીય બંધારણની કલમ ૨૨(૨) હેઠળ નિર્ધારિત ૨૪ કલાકની અવધિની ગણતરી વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતા ખરેખર છીનવાઈ જાય તે જ ક્ષણથી થવી જોઈએ.

અદાલતના જણાવ્યા અનુસાર, પોલીસ દ્વારા કાગળ પર ધરપકડ નોંધવાનો કે દર્શાવવાનો સમય આ ગણતરીનો આધાર હોઈ શકે નહીં. જો કોઈ વ્યક્તિને પહેલાથી જ પોલીસ અટકાયતમાં રાખવામાં આવી હોય, તો તે સમગ્ર સમયગાળાને બંધારણીય ૨૪ કલાકની સમય મર્યાદાની ગણતરીમાં જ સામેલ કરવો પડશે. બેન્ચે વધુમાં ઉમેર્યું હતું કે શોધ અને જપ્તીની કાર્યવાહી પૂર્ણ થયા પછી ઔપચારિક ધરપકડ દર્શાવવામાં આવે અને ત્યારથી ૨૪ કલાકની ગણતરી શરૂ કરવામાં આવે, તે કાયદાકીય દ્રષ્ટિએ વાજબી નથી. કોર્ટે પોલીસના આ પ્રકારના વ્યવહાર અને અભિગમને સંપૂર્ણપણે ગેરબંધારણીય જાહેર કર્યો છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨(૨) મુજબ, ધરપકડ કરાયેલ અને અટકાયતમાં લેવાયેલા દરેક નાગરિકને ૨૪ કલાકની અંદર નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો ફરજિયાત છે. આ સમયગાળામાં માત્ર ધરપકડના સ્થળેથી કોર્ટ સુધી પહોંચવા માટે જરૂરી મુસાફરીના સમયને જ બાદ કરી શકાય છે. વધુમાં, મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી કે આદેશ વિના કોઈ પણ વ્યક્તિને આ નિર્ધારિત ૨૪ કલાકની કાયદાકીય સમયગાળાથી વધુ સમય સુધી અટકાયતમાં રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જો આરોપીને તેની વાસ્તવિક અટકાયત શરૂ થયાના ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં નિષ્ફળ જવાય, તો તેને તાત્કાલિક અસરથી કસ્ટડીમાંથી મુક્ત કરવો આવશ્યક બને છે.

સર્વોચ્ચ અદાલતે પોતાના નિર્ણયમાં એ પણ સ્પષ્ટ કર્યું છે કે ફક્ત ૨૪ કલાકની અંદર કોઈ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરી દેવાથી પોલીસની જવાબદારી પૂર્ણ થતી નથી. પોલીસે એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખીને વ્યક્તિને વ્યાજબી સમય માટે જ અટકાયતમાં રાખવામાં આવે. આ બાબતે કોર્ટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૫૮ નો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ કલમ મુજબ, કોઈ પણ પોલીસ અધિકારી વોરંટ વિના ધરપકડ કરાયેલ વ્યક્તિને યોગ્ય કારણ વગર વાજબી સમયથી વધુ સમય માટે કસ્ટડીમાં રાખી શકતો નથી.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે આ મામલે મેજિસ્ટ્રેટની બંધારણીય જવાબદારીઓ પણ સુનિશ્ચિત કરી છે. કોર્ટે જણાવ્યું હતું કે જ્યારે કોઈ પણ આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે, ત્યારે મેજિસ્ટ્રેટે સૌથી પહેલા તે ચોક્કસ તારીખ અને સમય રેકોર્ડ કરવો જોઈએ કે જ્યાંથી તેની વ્યક્તિગત સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ મેજિસ્ટ્રેટે સ્વતંત્ર રીતે આ બાબતની ચકાસણી કરવી પડશે કે આરોપીને રજૂ કરવા માટે ૨૪ કલાકની બંધારણીય મર્યાદાનું યોગ્ય પાલન થયું છે કે નહીં. જો મેજિસ્ટ્રેટને લાગે કે અટકાયતનો સમયગાળો ગેરવાજબી કે ગેરકાયદેસર હતો, તો તેઓ વધુ રિમાન્ડ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી શકે છે.

આ કેસનો આખરી ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે ત્રિપુરા હાઈકોર્ટના નિર્ણયને રદબાતલ ઠેરવીને તમામ ચાર અપીલકર્તાઓને જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, તેમની મુક્તિ વિશેષ અદાલત દ્વારા નક્કી કરવામાં આવેલી શરતો અને નિયમોને આધીન રહેશે.

રાજસ્થાનના નાગૌરમાં ફટાકડાના ગોડાઉનમાં બ્લાસ્ટ થતા બે પિતરાઈ ભાઈઓ ભૂંજાયા

નાગૌર,તા.૦૫

રાજસ્થાનના નાગૌર જિલ્લાના બડલી વિસ્તારમાં ગુરુવારે સવારે ૯:૪૦ વાગ્યે ફટાકડાના ગોડાઉનમાં ભયાનક વિસ્ફોટ થતાં બે પિતરાઈ ભાઈઓનાં મોત થયાં હતાં. મૃતકોની ઓળખ મુજિદ સોરગર (૩૨) અને મોહમ્મદ આમિર સોરગર (૨૮) તરીકે થઈ છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે બંનેના મૃતદેહોના ટુકડા ૧૦ થી ૧૫ ફૂટ દૂર સુધી ફંગોળાયા હતા. એફએસએલની ટીમે મૃતદેહોના અવશેષો એકત્ર કર્યા હતા. બચાવ કામગીરી દરમિયાન બે ગંભીર રીતે ઘાયલ યુવકો પણ મળી આવ્યા હતા.

વિસ્ફોટના કારણે આશરે ૧૦૦ ફૂટના વિસ્તારમાં આવેલા મકાનો અને વાહનોને નુકસાન થયું હતું. નજીકમાં ઊભેલી બસના તમામ કાચ તૂટી ગયા હતા, જ્યારે મકાનોની દીવાલોમાં તિરાડો પડી હતી. ગોડાઉનના એક ભાગમાં તૈયાર ફટાકડાનો જથ્થો પણ રાખવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, ગોડાઉનના માલિકનું નામ અમીન છે અને તેની પાસે ફટાકડાનું કાયમી લાઈસન્સ હોવાનું જાણવા મળ્યું છે. અહીં પોટેશિયમ નાઈટ્રેટ મિક્સ કરીને દારૂગોળો બનાવાતો હોવાની માહિતી મળી છે. જોકે, ગોડાઉનમાં કેટલો જથ્થો હતો અને વિસ્ફોટનું ચોક્કસ કારણ શું હતું તે અંગે તપાસ ચાલી રહી છે.











સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
શુક્રવાર, તા.૦૬-૧૧-૨૦૨૬

ધનતેરસના પર્વે અમરેલીના જ્વેલર્સ બજારમાં ખરીદીનો માહોલ જામશે

અમરેલી,તા.૦૫



દિવાળી પર્વના પ્રારંભ સાથે જ સોના-ચાંદીની ખરીદી માટે ધનતેરસનું વિશેષ મહત્ત્વ રહેલું છે. ત્યારે અમરેલી શહેરમાં ધનતેરસના પાવન પર્વ નિમિત્તે જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ ઉમટવાની સંભાવના છે. આ વર્ષે બે દિવસ સુધી ધનતેરસનો પર્વ હોવાથી સોનાં-ચાંદીનાં આભૂષણો ખરીદવા માટે મોટી સંખ્યામાં ગ્રાહકો બજારમાં પહોંચશે તેવી આશા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ અમરેલી શહેરના જાણીતા જ્વેલર્સ દ્વારા ગ્રાહકોની પસંદગી અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અવનવી ડિઝાઈનનાં આભૂષણો અને આકર્ષક દાગીનાનો વિશાળ સંગ્રહ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. અમરેલીની નિલકંઠ જ્વેલર્સ, મધુવન ગોલ્ડ, વી.કે. જ્વેલર્સ, વ્રજ જ્વેલર્સ, પાર્થ જ્વેલર્સ, યમુના જ્વેલર્સ, સોની અશોકકુમાર હરીલાલ, ચોકસી કાંતિલાલ કરશનદાસ એન્ડ સન્સ, ચિંતન જ્વેલર્સ, હિતેષ જ્વેલર્સ, સોની જમનાદાસ મૂળજીભાઈ સહિતની દુકાનોમાં સોના-ચાંદીના વિવિધ પ્રકારના ઘરેણાંની નવીનતમ ડિઝાઇનો ગ્રાહકો માટે રજૂ કરવામાં આવી છે.ધનતેરસના દિવસે સોનાં-ચાંદીની ખરીદીને શુભ માનવામાં આવતી હોવાથી લોકો આ દિવસે પોતાની શક્તિ અને પસંદગી મુજબ ઘરેણાં, સિક્કા તથા અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. ખાસ કરીને દિવાળીના તહેવારોમાં પરિવારના સભ્યો માટે ઘરેણાં ખરીદવાની પરંપરાને કારણે જ્વેલર્સ બજારમાં વિશેષ રોનક જોવા મળે છે. આ વર્ષે પણ ગ્રાહકોને આકર્ષવા માટે વેપારીઓએ નવી ફેન્સી ડિઝાઈન, પરંપરાગત આભૂષણો અને આધુનિક ફેશનને અનુરૂપ દાગીનાની વિશેષ વેરાયટી રજૂ કરી છે.અમરેલીના જ્વેલર્સ વેપારીઓના જણાવ્યા મુજબ, ગ્રાહકોને સંતોષકારક સેવા, ગુણવત્તાયુક્ત આભૂષણો અને વ્યાજબી ભાવે ઘરેણાં મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્નપ્રસંગ, શુભ પ્રસંગો તેમજ રોજિંદા ઉપયોગ માટેનાં વિવિધ પ્રકારનાં આભૂષણો પણ ઉપલબ્ધ છે. સોનાની સાથે ચાંદીની વસ્તુઓ અને ઘરેણાંની પણ વિવિધ રેન્જ રાખવામાં આવી છે, જેથી દરેક વર્ગના ગ્રાહકો પોતાની પસંદગી અને બજેટ પ્રમાણે ખરીદી કરી શકે. ધનતેરસના બે દિવસ દરમિયાન અમરેલીના સોની બજારમાં ખરીદીનો માહોલ જામશે તેવી વેપારીઓને આશા છે. શહેરની તમામ જાણીતી જ્વેલર્સ દુકાનોના વેપારીઓએ ગ્રાહકોને પોતાના શોરૂમની મુલાકાત લઈ નવીનતમ ડિઝાઈન અને આભૂષણોની વિશાળ વેરાયટી નિહાળવા આમંત્રણ પાઠવ્યું છે. દિવાળીના પર્વને લઈને અમરેલીના જ્વેલર્સ બજારમાં અત્યારથી જ ઉત્સાહ અને ખરીદીની તૈયારીઓ જોવા મળી રહી છે.

સોનાં-ચાંદીના ઘરેણાં ખરીદવા ગ્રાહકોમાં ભારે ઉત્સાહ : જાણીતી દુકાનોમાં નવી ડિઝાઇન અને અવનવી વેરાયટી ઉપલબ્ધ

ચરખા ગામ નજીક એસ.ટી. બસ-ઈકો વચ્ચે અકસ્માતમાં એકનું મોત

એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા રાજકોટ સારવારમાં ખસેડાયો

બાબરા,તા.૦૫


તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાના ચરખા ગામ નજીક રઘુવીર હોટલ સામે આજે સવારે એસ.ટી. બસ અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સામસામે થયેલી ટક્કરમાં પાનસડા ગામના અશોકભાઈ ભીમજીભાઈ કાચા (ઉં.વ.૩૩)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મૌલિકભાઈ પ્રાગજીભાઈ હુંમર (ઉં.વ.૨૫) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.બંને યુવકો ઈકો કારમાં બાબરા તરફ આવી રહ્યા હતા ત્યારે ગારિયાધાર-રાજકોટ રૂટની એસટી બસ સાથે કાર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગયો હતો. અશોકભાઈ કારમાં ફસાઈ જતાં તેમને બહાર કાઢવા એક કલાક સુધી રેસ્ક્યૂ કામગીરી કરવી પડી હતી. કારની એરબેગ ખૂલી જતાં ચાલક મૌલિકભાઈનો જીવ બચ્યો હતો, પરંતુ તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી અને જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રણમણભાઈ કોઠીવાળ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ૧૦૮ અને પોલીસને જાણ કરાતાં ટીમો દોડી આવી હતી. ઈજાગ્રસ્તને બાબરા સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

સા.કુંડલામાં દિવાળીના પર્વે જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરાયું

સાવરકુંડલા,તા.૦૫



દિવાળીના પાવન પર્વ નિમિત્તે બચુભાઈ જીવરાજભાઈ સ્મારક સંસ્થા દ્વારા આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં ઘઉંનો લોટ, તેલ, ચણાનો લોટ, મગનો લોટ, ગોળ, ખાંડ, ચોખા અને દાળ સહિતની ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. આ સેવાકાર્યમાં ટ્રસ્ટી વિશાલ વ્યાસ, માધવ વ્યાસ, હિતેષભાઈ મકવાણા અને જિતેનભાઈ હેલૈયા જોડાયા હતા.


લાઠીમાં ૨૫ નવેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૦૫

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૫ નવેમ્બર, બુધવારના રોજ સવારે ૧૧ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારક્ષેત્રમાં આવતા સરકારી કામો અંગેના બાકી પ્રશ્નો રજૂ કરવા ઇચ્છતા નાગરિકોએ તા. ૧૦ નવેમ્બર સુધીમાં બપોરે ૩ કલાકે અરજી કરવી પડશે. સામૂહિક કે નીતિવિષયક પ્રશ્નો સ્વીકારવામાં આવશે નહીં. અરજીઓ લાઠી મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલી શકાશે. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' લખવું ફરજિયાત છે. તેમ મામલતદાર દ્વારા જણાવાયું છે.

સાત મહિનાથી ગુમ યુવકને બાબરા પોલીસે શોધી પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

બાબરા,તા.૦૫



બાબરા તાલુકાના ગલકોટડી ગામનો ૨૦ વર્ષીય હર્ષભાઈ મનસુખભાઈ નવાપરિયા છેલ્લા સાત મહિનાથી ગુમ હતો. બાબરા પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ નંબર ૨૨/૨૦૨૬ નોંધાઈ હતી. બાબરા પોલીસની સર્વેલન્સ ટીમે ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી આણંદના વિદ્યાનગર ખાતેથી યુવકને શોધી કાઢ્યો હતો. ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને અમરેલી એસ.પી. સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એમ.બી. ઓસુરાની ટીમે આ કામગીરી કરી યુવકને પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

દિવાળી પછી વિતરણના નિર્ણયથી ગ્રાહકોમાં રોષ

લીલીયા મોટામાં તહેવાર ટાણે SBIમાં છૂટા પૈસાની તંગી

બિનજવાબદાર અને નકારાત્મક વલણથી સ્થાનિકો તેમજ વેપારીઓમાં ભારે રોષ

લીલીયા મોટા, તા. ૦૫

લીલીયા મોટા તાલુકા સહિત આસપાસના ૩૭ જેટલા ગામો વચ્ચે આવેલી એકમાત્ર રાષ્ટ્રીયકૃત બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) શાખામાં તહેવારોના ટાણે જ છૂટા પૈસાની ભારે તંગી સર્જાઈ છે. દિવાળી અને અન્ય તહેવારોની રોનક વચ્ચે રૂ. ૫, ૧૦ અને ૨૦ની નાની ચલણી નોટો તેમજ સિક્કા ઉપલબ્ધ ન હોવાથી સામાન્ય નાગરિકો, વેપારીઓ, વૃદ્ધો અને મહિલાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બજારમાં ખરીદી અટકી પડી છે અને છૂટા પૈસાના અભાવે વેપારીઓ ગ્રાહકોને માલ આપવાનો સીધો ઇનકાર કરી રહ્યા છે, જેથી સ્થાનિક લોકો હાલાકી ભોગવી રહ્યા છે.

આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક પ્રતિનિધિ મહેશ દવેએ બેંક મેનેજર સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન મેનેજરે જણાવ્યું કે બેંક પાસે છૂટા પૈસા ઉપલબ્ધ છે, પરંતુ હાલ કર્મચારીઓ પાસે સમય ન હોવાથી તેનું વિતરણ દિવાળી પછી જ કરવામાં આવશે. મેનેજરના આવા બિનજવાબદાર અને નકારાત્મક વલણથી સ્થાનિકો તેમજ વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે.

તહેવારોના સમયે જ આવી સ્થિતિ ઊભી થતાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને ગામના અગ્રણી વેપારીઓએ બેંક તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે માંગણી કરી છે કે નાની ચલણી નોટો અને પરચુરણ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવીને વેપાર-રોજગારને પૂર્વવત કરવામાં આવે અને આ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવામાં આવે.

સા.કુંડલાના માનવ મંદિરમાં મનોદિવ્યાંગ બહેનોનો રાસોત્સવ યોજાયો

દિલીપભાઈ સંઘાણી, મહેશભાઈ કસવાળા સહિતના આગેવાનો હાજર રહ્યા

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલા માનવ મંદિર આશ્રમ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મનોદિવ્યાંગ બહેનો માટે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક આશ્રયસ્થાન ખાતે યોજાયેલા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગે માનવ મંદિરના પ.પૂ. ભક્તિરામ બાપુએ મહાનુભાવોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અધ્યક્ષસ્થાને રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તથા વરિષ્ઠ પત્રકાર જગદીશભાઈ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મનોદિવ્યાંગ બહેનોએ ઉત્સાહભેર રાસ રજૂ કરતાં ઉપસ્થિત લોકોએ તાળીઓથી વધાવી લીધા હતા. આ ઉત્સવથી આશ્રમમાં આનંદનો માહોલ છવાયો હતો.

અમરેલી LCB દ્વારા ખોવાયેલા ૧૪ મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત સોંપાયા

અમરેલી,તા.૦૫





અમરેલી લોકલ કાઈમ બ્રાન્ચે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાની આગેવાનીમાં જિલ્લામાં ખોવાયેલા મોબાઈલ ફોન અંગે મળેલી અરજીઓના આધારે સીઈઆઈઆર પોર્ટલમાં એન્ટ્રી કરવામાં આવી હતી. ટ્રેસ થયેલા ફોન શોધી કાઢીને ૧૪ અરજદારોને એલ.સી.બી. કચેરી ખાતે પરત સોંપવામાં આવ્યા હતા. આ ફોનની કુલ કિંમત રૂ.૧,૮૮,૫૬૮ થાય છે.આ કામગીરીમાં પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલ, પી.એસ.આઈ. જે.ડી. વાઘેલા, હેડ કોન્સ્ટેબલ તુષારભાઈ પાંચાણી તથા પોલીસ કોન્સ્ટેબલ ભાવિનગીરી ગૌસ્વામીએ સહયોગ આપ્યો હતો. ફોન પરત મળતા અરજદારોએ પોલીસનો આભાર માન્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૯

ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જિગ્નેશભાઈ પટેલ અને ચેતનભાઈ શિયાળની રજૂઆત રંગ લાવી

શિયાળબેટના માછીમારો માટે વિકાસની નવી ભેટ : ફિશ લેન્ડિંગ સેન્ટરને ગુજરાત કેબિનેટની સૈધ્ધાંતિક મંજૂરી

જાફરાબાદ,તા.૦૫



તસવીર : બાબુભાઈ વાટેળ

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના દરિયાની વચ્ચે આવેલા શિયાળબેટ ટાપુના માછીમારો માટે ગુજરાત સરકાર દ્વારા વિકાસની મહત્વપૂર્ણ ભેટ આપવામાં આવી છે. શિયાળબેટ ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ મત્સ્ય ઉતરાણ કેન્દ્ર (ફિશ લેન્ડિંગ સેન્ટર) વિકસાવવાના પ્રસ્તાવને ગુજરાત કેબિનેટ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી શિયાળબેટ સહિત રાજુલા-જાફરાબાદ પંથકના માછીમારોમાં આનંદની લાગણી પ્રસરી છે. વર્ષોથી માછીમારોને સતાવતી મુશ્કેલીઓ દૂર કરવાની દિશામાં આ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થવાની આશા છે.શિયાળબેટના માછીમારોની વર્ષો જૂની સમસ્યાઓ અને માળખાકીય સુવિધાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જિગ્નેશભાઈ પટેલ તેમજ ટીબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ દ્વારા ગુજરાત સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પરિણામે ફિશ લેન્ડિંગ સેન્ટરનો પ્રસ્તાવ સરકાર સમક્ષ મૂકવામાં આવ્યો હતો. આખરે કેબિનેટની સૈધ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક આગેવાનોના પ્રયાસોને સફળતા મળી છે.આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, મત્સ્યોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષાના મંત્રી પરશોત્તમભાઈ સોલંકી સહિત ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

શિયાળબેટની કુલ વસ્તી આશરે ૨,૬૮૦ જેટલી છે, જેમાં ૧,૧૦૦થી વધુ સક્રિય માછીમારો માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા છે. અહીં આશરે ૧૫૪ માછીમારીની બોટો કાર્યરત છે અને વાર્ષિક અંદાજે ૪,૬૧૧ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થાય છે.

દરિયાની વચ્ચે આવેલા આ ટાપુને જમીનમાર્ગે સીધું જોડાણ ન હોવાથી માછીમારોને માછલી ઉતારવા, તેનો સંગ્રહ કરવા, હરાજી કરવા અને પરિવહન કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પૂરતી માળખાકીય સુવિધાઓના અભાવે માછીમારોને આર્થિક નુકસાન પણ વેઠવું પડતું હતું. હવે આધુનિક મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવાની કામગીરી સાકાર થતાં માછીમારોને એક જ સ્થળે માછલીનું હેન્ડલિંગ, સંગ્રહ, હરાજી, સંરક્ષણ અને પરિવહન જેવી સુવિધાઓ ઉપલબ્ધ થવાની છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાઇલ જેટી, રીક્લેમેશન, સ્ટોન બન્ડ, પેવર બ્લોકથી તૈયાર થતી સપાટી તેમજ વીજળી જેવી જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવાની યોજના છે.આ કેન્દ્ર કાર્યરત થતાં માછલીનો બગાડ અટકાવવામાં મદદ મળશે અને માછીમારોને પોતાની પેદાશનું યોગ્ય મૂલ્ય મેળવવાની તક મળશે. સાથે જ સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી થશે અને શિયાળબેટનો મત્સ્યઉદ્યોગ વધુ આધુનિક તથા વ્યવસ્થિત બનશે. પરિણામે માછીમારોની આર્થિક સ્થિતિ મજબૂત બનવાની સાથે સમગ્ર વિસ્તારના વિકાસને પણ વેગ મળશે. કેબિનેટની સૈધ્ધાંતિક મંજૂરીના સમાચાર મળતાં જાફરાબાદ તાલુકાના ભાજપના આગેવાનો અને શિયાળબેટ બોટ એસોસિએશન દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. જાફરાબાદ તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ, જિલ્લા પંચાયત પ્રતિનિધિ કરશનભાઈ ભીલ, તાલુકા પ્રમુખ પ્રતિનિધિ ધનસુખભાઈ ડાબી તેમજ શિયાળબેટ બોટ એસોસિએશનના પ્રમુખ મુકેશભાઈ બારીયા અને ઉપપ્રમુખ દિનેશભાઈ બારીયાએ આ નિર્ણયને માછીમારોના હિતમાં ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું. તમામ આગેવાનોએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા માછીમારોના પ્રશ્નોને સરકાર સમક્ષ મજબૂત રીતે રજૂ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ મુખ્યમંત્રી સહિત સમગ્ર રાજ્ય સરકારનો આભાર માની જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ સાકાર થતાં શિયાળબેટના માછીમારોને વર્ષોથી પડતી મુશ્કેલીઓમાંથી મોટી રાહત મળશે. સ્થાનિક સ્તરેથી શરૂ થયેલી રજૂઆત ગાંધીનગર સુધી પહોંચતાં હવે શિયાળબેટના મત્સ્યઉદ્યોગ અને માછીમાર પરિવારોના ઉજ્જવળ ભવિષ્ય માટે વિકાસની નવી આશા જાગી છે.

૧,૧૦૦થી વધુ માછીમારોને મળશે સીધો લાભ, આધુનિક સુવિધાઓથી મત્સ્યઉદ્યોગને મળશે વેગ

દિવાળીના તહેવારોને લઈ અમરેલી પોલીસનું બજારોમાં ફૂટ પેટ્રોલિંગ

ટાવર રોડ, હરિ રોડ અને લાઇબ્રેરી રોડ પર ટ્રાફિક વ્યવસ્થાનું નિરીક્ષણ

અમરેલી,તા.૦૫



દિવાળીના તહેવારો દરમિયાન શહેરના મુખ્ય બજારોમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે અમરેલી સિટી પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તહેવારોને ધ્યાનમાં રાખીને પોલીસ અધિકારીઓને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે ટાવર રોડ, હરિ રોડ અને લાઇબ્રેરી રોડ પર પોલીસે પેટ્રોલિંગ કરી વાહનવ્યવહાર, લોકોની અવરજવર અને જાહેર સુરક્ષાનું નિરીક્ષણ કર્યું હતું. વેપારીઓ અને નાગરિકોને તહેવારો દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી પોલીસ સતર્ક બની છે.

સાવરકુંડલામાં ૧૮૨ વડીલોને ૧૩.૪૪ લાખની નિઃશુલ્ક સાધન સહાયનું વિતરણ

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલામાં ભારત સરકારની રાષ્ટ્રીય વયોવૃધ્ધ યોજના અંતર્ગત વડીલોને આત્મનિર્ભર અને સુવિધાસભર જીવન મળી રહે તેવા હેતુથી સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૮૨ લાભાર્થીઓને કુલ ૧,૦૧૨ વિવિધ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે રૂ. ૧૩.૪૪ લાખની સહાય આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જિલ્લા પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈએ જણાવ્યું હતું કે, વડીલો અને દિવ્યાંગોના આંસુ લૂછવા અમારી ફરજ છે. અમને ઈશ્વરે બીજાની મદદ કરવા માટે બનાવ્યા છે. આ પ્રસંગે પ્રકાશભાઈ પાનસુરિયા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મહીડા, પૂજાબેન પટેલ સહિતના આગેવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

ધરાઈની બાલમુકુન્દ હવેલી ખાતે ૯ નવેમ્બરે અન્નકૂટ ઉત્સવ યોજાશે

બાબરા,તા.૦૫

બાબરા તાલુકાના ધરાઈ ગામે આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન નિકુંજનાયક બાલમુકુન્દ પ્રભુની હવેલી ખાતે આગામી તા. ૦૯/૧૧/૨૦૨૬, સોમવારના રોજ ભવ્ય અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓ ધરાવવામાં આવશે. દીપાવલીના શુભ અવસરે તા. ૦૮ નવેમ્બરના રોજ વહેલી સવારે આંજણનાં દર્શન અને રાત્રે હાટડી દર્શન યોજાશે. જ્યારે તા. ૦૯ નવેમ્બરે સવારે ગોવર્ધન પૂજા અને બપોરે અન્નકૂટનાં દર્શન યોજાશે.

ગોપાલગ્રામની હાઈસ્કૂલમાં ચલાલા પોલીસનો સાઇબર જાગૃતિ કાર્યક્રમ

અમરેલી,તા.૦૫



ચલાલા પોલીસ દ્વારા ગોપાલગ્રામની ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલ ખાતે સાઇબર કાઇમ અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનોને સાઇબર ગુનાઓથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઓનલાઈન છેતરપિંડી, અજાણી લિંક, ખોટા ફોન, ઓટીપી દ્વારા થતી છેતરપિંડી અને બેંક ખાતા સંબંધિત ગુનાઓ અંગે સમજ આપવામાં આવી હતી.



વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ૩૦ સગર્ભા મહિલાઓને સુખડીનું વિતરણ

બગસરા,તા.૦૫



વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા પરિવાર દ્વારા સ્લમ વિસ્તારમાં વસવાટ કરતા વિચરતી અને વિમુક્ત જાતિના સરાણિયા તથા દેવીપૂજક સમાજની સગર્ભા મહિલાઓને દર મહિનાની જેમ આ મહિને પણ સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૩ નવેમ્બરના રોજ બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડો. હુમ્મર તથા નર્સિંગ સ્ટાફ દ્વારા સગર્ભા બહેનોને જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાપરાના નિવાસી હંસાબેન મહેતા તથા અન્ય દાતાઓના સહયોગથી કુલ ૩૦ સગર્ભા મહિલાઓને સુખડીનું વિતરણ કરાયું હતું. આ અંગે કૌશિક ચાવડાએ માહિતી આપી હતી.





લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૮૫/૨૬
મુદત તારીખ :૨૯/૧૨/૨૦૨૬

અરજદાર : મુળજીભાઈ ભીમજીભાઈ દેલવડીયા,
ઉ.વ.૬૩, ધંધો:મજુરીકામ, મુ.વાઘણીયા, તા.લીલીયા, જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ અધિકારીશ્રી-વાઘણીયા
મુ.વાઘણીયા, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ :– એ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર મુળજીભાઈ ભીમજીભાઈ દેલવડીયા, રહે.વાઘણીયા, તા.લીલીયા, જી.અમરેલીવાળાએ તેમના માતાની મરણ તારીખ :૨૫/૧૦/૧૯૯૦ના રોજ વાઘણીયા મુકામે થયેલ છે. તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૨૯/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૦૪ માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી	સહી	કોર્ટનો સિક્કો	સહી
(એસ.જે.મકવાણા)	(જે.પી.મકવાણા)		(એ.એસ.દવે)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા



રાજુલાની સરકારી લાયબ્રેરી બે કિલોમીટર દૂર ખોલાતાં વિદ્યાર્થીઓ લાભથી વંચિત

રાજુલા,તા.૦૫


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં યુવક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી સરકારી લાયબ્રેરી વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનવાને બદલે હાલ બિનઉપયોગી બની રહી હોવાની સ્થિતિ સામે આવી છે. આશરે બે મહિના પહેલાં શરૂ થયેલી આ લાયબ્રેરીમાં બે હજાર જેટલાં પુસ્તકો ઉપલબ્ધ છે. બે રૂમ અને ગ્રંથપાલની કચેરી ધરાવતી આ લાયબ્રેરીમાં શરૂઆતના દિવસોમાં સાત અને ત્યારબાદ કુલ આઠ સભ્યોનાં ખાતાં ખૂલ્યાં હતાં. જોકે, ત્યાર પછી અભ્યાસ માટે કોઈ ખાસ આવતું ન હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રાજુલા શહેરથી દોઢથી બે કિલોમીટર દૂર લાયબ્રેરી હોવાથી વિદ્યાર્થીઓને ત્યાં પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ આ સ્થળે શાળા કાર્યરત હતી, પરંતુ ગામથી દૂર હોવાને કારણે વિદ્યાર્થીઓ આવતા ન હોવાથી શાળા બંધ થઈ હતી. તેમ છતાં લાયબ્રેરી માટે આ જ સ્થળ પસંદ કરાતાં સરકારની સારી યોજનાનો લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચતો નથી. શહેરની મધ્યમાં અનેક મકાનો અને આધુનિક ઈમારતો ઉપલબ્ધ હોવા છતાં દૂરના સ્થળે ભાડે જગ્યા રાખવા અંગે સવાલો ઊઠી રહ્યા છે.

આ અંગે ભાવનગર હેડ ઓફિસના ગ્રંથપાલ વિનયકુમારે જણાવ્યું હતું કે રાજુલામાં લાયબ્રેરી માટે યોગ્ય જગ્યા મળતી ન હોવાથી એક હોલ અને ત્રણ રૂમ ભાડે રાખવામાં આવ્યા છે. ભાડાની રકમ અંગે તેમને જાણ ન હોવાનું તેમણે જણાવ્યું હતું. બીજી તરફ દિપુભાઈએ પોતે તમામ કાગળો સાથે મકાનની ઓફર કરી હોવા છતાં ગામથી દૂર હોવાનું કારણ આપી જગ્યા પસંદ ન કરાઈ હોવાનું જણાવ્યું હતું. વેપારી અગ્રણી બીપીનભાઈ મહેતાએ શહેરની મધ્યમાં લાયબ્રેરી માટે યોગ્ય મકાન ઓછા ભાવે આપવા તૈયારી દર્શાવી છે.યુવા અગ્રણી ગીરીશભાઈ બાબરીયાએ જણાવ્યું હતું કે વાહનની સુવિધા ન હોવાથી બે કિલોમીટર દૂર આવેલી લાયબ્રેરીમાં જઈ શકતા નથી અને ખાનગી લાયબ્રેરીમાં માસિક રૂ. ૫૦૦ ચૂકવી અભ્યાસ કરવો પડે છે. સૌરભ સાહિત્ય સંસ્થાનના પ્રમુખ શશિભાઈ રાજ્યગુરુએ પણ લાયબ્રેરી શહેરની મધ્યમાં અથવા શૈક્ષણિક સંસ્થાઓ નજીક હોવી જરૂરી ગણાવી હતી.

વાલી મંડળના પ્રમુખ અને પૂર્વ નગરપાલિકા પ્રમુખ ચિરાગભાઈ જોષીએ જણાવ્યું હતું કે મફત પુસ્તકો અને વાંચન સુવિધા આપતી આ યોજના આવકારદાયક છે, પરંતુ અંતર વધારે હોવાથી વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકતા નથી. નિવૃત્ત કર્મચારી ઘનશ્યામભાઈ મશરૂએ સ્થાનિકોને જાણ કર્યા વિના જગ્યા ભાડે રાખવા સામે નારાજગી વ્યક્ત કરી હતી. રાજુલા નગરપાલિકાના પ્રમુખ મયુર દાદાએ લાયબ્રેરી શહેરમાં ખસેડવામાં આવે તો નગરપાલિકા ટોકન ભાવે મકાન આપવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના બકુલભાઈ વોરાએ પણ લાયબ્રેરી તાત્કાલિક શહેરમાં ખસેડવાની માંગ કરી છે.

આ સુવિધાનો વિદ્યાર્થીઓને વાસ્તવિક લાભ મળે તે માટે સંબંધિત વિભાગ અને તંત્ર યોગ્ય નિર્ણય લે તેવી માંગ ઉઠી છે. હાલ બે હજાર પુસ્તકો હોવા છતાં વાંચકો ન મળતાં સરકારી ખર્ચ અને યોજનાના હેતુ અંગે પણ સવાલો ઊભા થયા છે.

બે હજાર પુસ્તકો ધૂળ ખાઈ રહ્યાં છે, માત્ર આઠ સભ્યોનાં ખાતાં ખુલ્યાં; લાયબ્રેરી શહેરની મધ્યમાં ખસેડવા લોકોની માંગ

લીલીયાના સરદાર ચોકમાંથી ચાર સીસીટીવી કેમેરા ગાયબ!

લીલીયા મોટા,તા.૦૫



લીલીયાના લાઠી રોડ પર આવેલા સરદાર ચોકમાંથી તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી લગાવવામાં આવેલા ચાર સીસીટીવી કેમેરા ગાયબ થતાં ચર્ચા જાગી છે. આશરે એક મહિના પહેલાં કેમેરા ગાયબ થયાની વાત સામે આવી હોવા છતાં તે અંગે ગ્રામ પંચાયત પાસે પણ કોઈ માહિતી ન હોવાનું જાણવા મળ્યું છે.આ મામલે ચેમ્બર ઓફ કોમર્સના માજી પ્રમુખ અરજણભાઈ ધામતે જાહેર સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે સરદાર ચોક પોલીસ ચોકીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે આવેલો છે. અહીં રાત્રિના સમયે હોમગાર્ડની પણ વ્યવસ્થા હોવા છતાં કેમેરા કોણ ઉતારી ગયું તેની જાણકારી નથી.વધુમાં શહેરના બાયપાસ ચાર રસ્તા સહિત અન્ય મહત્ત્વપૂર્ણ ચોકડીઓ પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા પણ બંધ હોવાની ચર્ચા છે. જાહેર નાણાંમાંથી ઊભી કરાયેલી સુરક્ષા વ્યવસ્થાની જાળવણી અને દેખરેખ અંગે જવાબદાર તંત્ર સ્પષ્ટતા કરે તેવી માંગ ઊઠી છે.

પોલીસ ચોકીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે ઘટના બનતાં સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો

લૌકિક ક્રિયા પતાવીને પરત ફરતાં ઈશ્વરીયા ગામના દંપતીને ટોડા ગામ પાસે અકસ્માત નડ્યો

લાઠી,તા.૦૫

પાણીઢોળનું કામ પતાવીને પરત ફરતાં ઈશ્વરીયા ગામના દંપતીને ટોડા ગામ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં એકનું મોત થયું હતું અને અન્ય એક ઈજાગ્રસ્ત થયાં હતાં. અકસ્માત સર્જી ચાલક ગાડી મૂકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ઈશ્વરીયા ગામે રહેતા રાજેશભાઈ મનુભાઈ આખજા (ઉ.વ.૪૫)એ ફોર વ્હીલર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કાકા પ્રેમજીભાઈ બાબુભાઈ આખજા (ઉ.વ.૬૦) તથા સાહેદ શારદાબેન બાઈક લઈને ચાવંડથી પાણીઢોળનું કામ પતાવીને ઈશ્વરીયા ગામે પોતાના ઘરે આવતા હતા, ત્યારે લાઠી-અમરેલી હાઈવે રોડ પર ટોડા ગામ પાસે કાર ચાલકે ટક્કર મારી હતી.જેમાં તેમના કાકાને શરીરે ગંભીર ઈજાઓ થવાથી મોત નિપજ્યું હતું, જ્યારે સાહેદ શારદાબેનને નાની-મોટી ઈજાઓ પહોંચાડી ચાલક કાર સ્થળ પર મૂકી નાસી ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અકસ્માત સર્જી ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો

વડિયાના બાંભણીયા ગામે ખેડૂતની કિંમતી જમીન પચાવી પાડનાર શખ્સ સામે ફરિયાદ

વડિયા,તા.૦૫

વડિયા તાલુકાના બાંભણીયા ગામે આવેલી કિંમતી ખેતીની જમીન પર ગેરકાયદે દબાણ કરી પચાવી પાડવાનો મામલો સામે આવ્યો છે.

બાંભણીયા ગામની ઉગમણી સીમમાં 'બુટવાળુ' તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલી ફરિયાદી તથા તેમના સાહેદની જમીન પર પડોશી ખેડૂતે ગેરકાયદે કબ્જો કરી, તેમાં પાક વાવીને આર્થિક લાભ લીધો હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. આ બનાવ અંગે અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા અને મૂળ બાંભણીયા ગામના વતની સુરેશકુમાર પ્રાગજીભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૬)એ વસંતભાઈ કાળાભાઈ પદમાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બાંભણીયા ગામની ઉગમણી સીમમાં રેવન્યુ સર્વે નં. ૧૫૧ પૈકી ૧/૧ ની ૩ હેક્ટર ૭૫ આરે ૮૬ ચોરસ મીટર તથા રેવન્યુ સર્વે નં. ૧૫૧ પૈકી ૧/૨ ની ૩ હેક્ટર ૭૫ આરે ૮૫ ચોરસ મીટર ખેતીની જમીન ફરિયાદી, તેમના ભાઈ તથા સાહેદ ચંદુલાલ પ્રાગજીભાઈ પાનસુરીયાની સંયુક્ત માલિકીની છે. આ સર્વે નંબરની પૂર્વ દિશાએ આવેલા સર્વે નં. ૧૫૦ ના ખાતેદાર વસંતભાઈ કાળાભાઈ પદમાણી (રહે. બાંભણીયા, તા. વડિયા) દ્વારા ઉપરોક્ત જમીનમાંથી ૦ હેક્ટર ૯૮ આરે ૦૯ ચોરસ મીટર જમીન (જેની અંદાજિત કિંમત રૂ. ૫,૩૯,૪૯૫ થાય છે) પર તારીખ ૨૩/૦૭/૨૦૨૫ થી ગેરકાયદેસર કબજો જમાવી દેવામાં આવ્યો હતો. આ જમીન બળજબરીપૂર્વક પચાવી પાડી તેમાં નિયમિત ખેતીનો પાક લઈને આર્થિક લાભ મેળવાયો હતો.

આ મામલે અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલીમાં ગોરસ ફાઉન્ડેશન દ્વારા દિવાળી નિમિત્તે બાળકોને મીઠાઈનું વિતરણ કરાયું

અમરેલી,તા.૦૫



ગોરસ ફાઉન્ડેશન, અમરેલી દ્વારા દિવાળીના પાવન તહેવાર નિમિત્તે બાળકો માટે મીઠાઈ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને મીઠાઈનું વિતરણ કરી દિવાળીની ખુશીઓમાં સહભાગી બનાવવામાં આવ્યા હતા. ફાઉન્ડેશનના આ સેવાભાવી કાર્યથી બાળકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૦૬-૧૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૬,
સૂર્યાસ્ત-૦૫:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

દૈનિક રાશિફળ

તા.૦૬-૧૧-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઇક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉદ્યોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે.

અમરેલીમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઈસમો ઝડપાયા

અમરેલી,તા.૦૫



અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. પરમારના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે ચોક્કસ બાતમીના આધારે કેરીયા રોડ, કલરવ હોસ્પિટલની પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી લીધા હતા. પોલીસે ગંજીપત્તાના ૫૨ પાના અને રોકડા રૂ.૧૨,૬૯૦ કબજે કર્યા છે.પકડાયેલા આરોપીઓમાં ધર્મેશભાઈ બુધેલીયા, હશુંભાઈ સોલંકી, મહેશભાઈ ગોંડલીયા, મહેશદાસ દાણીધારીયા અને રાજુભાઈ મુંધવાનો સમાવેશ થાય છે. તમામ વિરુધ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કેરીયા રોડ પર કલરવ હોસ્પિટલ પાછળ ખુલ્લી જગ્યામાંથી રૂ.૧૨,૬૯૦ના મુદ્દામાલ ઝડપાયો

અમરેલી જિલ્લાના બાગાયત ખેડૂતો ૧૫ નવેમ્બર સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લાના બાગાયત ખેડૂતો માટે વર્ષ ૨૦૨૬-૨૭માં વિવિધ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. બાગાયતી પાકોનું વાવેતર વધારવા, આદુ-હળદર જેવા પાકોને પ્રોત્સાહન આપવા તેમજ ફળપાકોમાં ફિલ્ડ કવર દ્વારા ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના હેતુથી આ યોજનાઓ અમલી બનાવાઈ છે. યોજનાનો લાભ મેળવવા ખેડૂતોએ તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી માટે આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત છે. જરૂરી દસ્તાવેજો અપલોડ કરી અરજી કન્ફર્મ કર્યા બાદ તેની પ્રિન્ટ રાખવાની રહેશે. વધુ માહિતી માટે અમરેલીના સરદાર ચોક, ચક્કરગઢ રોડ સ્થિત નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

અમરેલીના જસવંતગઢ ગામેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૦૫

અમરેલીના જસવંતગઢ ગામેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. બળેલ વોશ આશરે ૧૦૦ લીટર, દેશી દારૂ લીટર-૧૫, દેશી દારુ બનાવવાનો આથો લીટર-૨૫૦, ભઠ્ઠીના સાધનો મળી કુલ કિ.રૂ.૧૪,૭૬૦નો પ્રોહી મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. મોરંગી ગામના પુરુષ પાસેથી બે લીટર દેશી દારૂ મળ્યો હતો.જિલ્લામાં વિવિધ સ્થળેથી છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

સાવરકુંડલામાં લગ્ન ન થતાં લાગી આવતા યુવકે ઘેનના ટીકડા પીધા

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં લગ્ન ન થતાં લાગી આવતાં યુવકે ઘેનના ટિકડા પીધા હતા. જેના કારણે તેનું મોત થયું હતું. બનાવ અંગે સંજયભાઈ જયંતીભાઈ ડોડીયા (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, શૈલેષભાઈ જયંતીભાઈ ડોડીયા (ઉ.વ.૪૫) એકલવાયું જીવન જીવતા હતા તેમજ તેમના લગ્ન થયા નહોતા. આ વાતનું લાગી આવતાં પોતાની મેળે ઘેનના ટીકડા પીધા હતા. જેના કારણે મોત થયું હતું.

સાવરકુંડલા શહેરમાં ફટાકડાના હંગામી લાયસન્સ માટે ફાયર વિભાગની તપાસ પૂર્ણ

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરમાં ફટાકડાના વેચાણ માટે હંગામી લાયસન્સ મેળવવા કરાયેલી ૩૨ અરજીઓનું ફાયર વિભાગ દ્વારા સ્થળ ઈન્સ્પેક્શન પૂર્ણ કરવામાં આવ્યું છે. પ્રાંત કચેરીની સૂચના મુજબ અમરેલી જિલ્લા ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની ટીમે સ્થળ તપાસ કરી હતી. જેમાં ૨૦ સ્ટોલ માટે એક જ સ્થળ નક્કી કરાયું છે, જ્યારે અન્ય ૧૨ અરજીઓ અલગ-અલગ વિસ્તારોની છે. તપાસ દરમિયાન આગ સામે રક્ષણ માટે જરૂરી સાધનો અને ફાયર સેફ્ટીના નિયમોની પૂર્તતા અંગે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવે ફાયર વિભાગ દ્વારા તૈયાર કરાયેલ અભિપ્રાય અહેવાલ પ્રાંત અધિકારીને સોંપવામાં આવશે. ત્યારબાદ નિયમો અને સલામતીના તમામ માપદંડો પૂર્ણ થયા છે કે નહીં તેની ચકાસણી કરી લાયસન્સ આપવા અંગે અંતિમ નિર્ણય લેવાશે.

તંત્રી લેખ

સોનું માત્ર ધાતુ નથી, ભારતની ભાવના છે

ભારત માં સોનાને ક્યારેય માત્ર એક ધાતુ તરીકે જોવામાં આવ્યું નથી. તે આપણા સમાજના સંસ્કારમાં, આપણી લાગણીમાં અને આપણી સુરક્ષાની ભાવનામાં વણાયેલું છે. દીકરીને સાસરે વળાવતી વખતે માનો હાથ તેના ગળામાં હાર પહેરાવે છે ત્યારે તે માત્ર ઘરેણું નથી પહેરાવતી, આશીર્વાદ પહેરાવે છે. દિવાળી અને ધનતેરસના દિવસે નાનકડી સોનાની ચૂક ખરીદતી વખતે માણસને એમ લાગે છે કે તેણે લક્ષ્મીજીને ઘરમાં આમંત્રણ આપ્યું છે. બાળકના જન્મથી માંડીને ઘરની કોઈ મોટી મુશ્કેલી સુધી, સૌથી પહેલા જે વસ્તુ યાદ આવે છે તે સોનું છે. તે આપણા માટે ભાવનાત્મક બેંક બેલેન્સ છે. પરંતુ છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં આ જ લાગણીની કિંમત આસમાને પહોંચી ગઈ છે. સોનાના ભાવે એવી તેજ ગતિ પકડી છે કે સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર માટે સોનું ખરીદવું હવે એક મોટા સ્વપ્ન સમાન બની ગયું છે. દર મહિને સોનું નવો વિક્રમ સર્જે છે અને દરેકના મનમાં એક જ પ્રશ્ન ઘુમરાય છે કે શું સોનું હવે સામાન્ય માણસની પહોંચથી હંમેશા માટે દૂર થઈ જશે.

આ ભાવ વધારાની વચ્ચે જ એક એવો અહેવાલ સામે આવ્યો છે જેણે દુનિયાભરના મોટા અર્થશાસ્ત્રીઓને પણ ચોંકાવી દીધા છે. વિશ્વની જાણીતી રોકાણ બેંક મોર્ગન સ્ટેનલીએ ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં કરેલા એક અંદાજ મુજબ ભારતના સામાન્ય ઘરોમાં આજે અંદાજે ૩૪,૬૦૦ ટન સોનું પડ્યું છે. આ આંકડો સાંભળવામાં નાનો લાગે, પરંતુ તેની પાછળ છુપાયેલું અર્થશાસ્ત્ર અત્યંત વિશાળ છે. જો આપણે આજના બજાર ભાવ પ્રમાણે તેની ગણતરી કરીએ તો ચિત્ર વધુ સ્પષ્ટ થાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ હાલમાં ૪૪૦૦ થી ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસની આસપાસ ફરી રહ્યો છે, જેનો અર્થ ભારતીય બજારમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧ લાખ ૪૦ હજારથી ૧ લાખ ૪૫ હજાર રૂપિયા થાય છે. આ ભાવે ૩૪,૬૦૦ ટન સોનાની કુલ કિંમત લગભગ ૫ ટ્રિલિયન ડોલર જેટલી થાય છે, જે ભારતીય ચલણમાં ૪૩૦ થી ૪૫૦ લાખ કરોડ રૂપિયા જેટલી અધધ કહી શકાય તેવી રકમ છે.

આ બધા વિકલ્પો સારા હોવા છતાં ભારતીય સમાજની લાગણીને બદલવી અત્યંત મુશ્કેલ છે. માતાએ દીકરીને આપેલો હાર એ કાગળનો બોન્ડ નથી, તે એક લાગણી છે, સંકટ સમયે તરત કામ લાગે તેવી છેલ્લી મૂડી છે. આ લાગણીને કોઈ યોજના તોડી શકે નહીં. નિષ્ણાતોનું માનવું છે કે ૨૦૨૬ માં પણ સોનામાં તેજી યથાવત રહેશે અને ભાવ ૧ લાખ ૬૦ હજારને પણ પાર કરી શકે છે. વચ્ચે થોડો ઘટાડો આવશે પણ લાંબા ગાળે સોનું ફરી નવી ટોચ બનાવશે.

આખરે વાત એ છે કે ભારતનું સોનું આપણી તાકાત પણ છે અને પડકાર પણ. તાકાત એટલા માટે કે દુનિયામાં ગમે તેવું આર્થિક તોફાન આવે, ભારતીય પરિવાર પાસે પોતાની સુરક્ષા છે. પડકાર એટલા માટે કે આટલી મોટી મૂડી જો માત્ર બંધ પડી રહે તો તે દેશના કામમાં આવતી નથી. તેથી ભવિષ્યનો રસ્તો સંતુલનનો છે. પરંપરાનું સન્માન જાળવીને થોડું સોનું ઘરેણાં તરીકે રાખો, પરંતુ રોકાણનું સોનું સમજદારીપૂર્વક કાગળ પરના સોનામાં ફેરવો, જેથી લક્ષ્મી તિજોરીમાં કેદ ન રહે, પરંતુ વધતી રહે.

લક્ષ્મી પૂજન અને શ્રી યંત્રનું અદ્‌ભુત રહસ્ય





પ્રાસંગિક – સુરેશ દેસાઈ

દિવાળી એટલે અંધકાર પર પ્રકાશનો વિજય, અજ્ઞાન પર જ્ઞાનનો વિજય અને અભાવ પર સમૃદ્ધિનો વિજય. ભારતીય સંસ્કૃતિમાં દિવાળીને વર્ષનો સૌથી પવિત્ર અને શક્તિશાળી તહેવાર માનવામાં આવે છે. આ દિવસે સમુદ્ર મંથનમાંથી પ્રગટ થયેલા ધનના અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મીની વિશેષ ઉપાસના કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે કારતક માસની અમાસની રાત્રે દેવી લક્ષ્મી પૃથ્વી પર ભ્રમણ કરે છે અને જે ઘર સ્વચ્છ, પવિત્ર, દીવડાઓથી ઝળહળતું અને શ્રધ્ધાથી ભરેલું હોય ત્યાં તેઓ સ્થિર નિવાસ કરે છે. તેથી જ દિવાળીની લક્ષ્મી પૂજાનું મહત્વ અનન્ય છે. આ પૂજા માત્ર ધન પ્રાપ્તિ માટે નથી, પરંતુ મનની દરિદ્રતા, ઈર્ષ્યા અને નકારાત્મકતાને દૂર કરીને સાચા ઐશ્વર્યને આમંત્રણ આપવા માટે છે. શાસ્ત્રો કહે છે કે જે ઘરમાં નિત્ય લક્ષ્મી પૂજન થાય છે ત્યાં અન્ન, વસ્ત્ર, સંતાન સુખ અને શાંતિ ક્યારેય ઓછી થતી નથી.

લક્ષ્મી પૂજનની વિધિ અત્યંત સરળ અને ભાવપૂર્ણ છે. સાંજના સમયે પ્રદોષ કાળમાં ઘરના મુખ્ય દ્વારને આંબાના તોરણ અને રંગોળીથી શણગારવામાં આવે છે. ચોકી પર લાલ વસ્ત્ર પાથરી તેના પર ચોખાની ઢગલી કરી કુબેર અને ગણેશ સાથે લક્ષ્મીજીની સ્થાપના કરવામાં આવે છે. ધૂપ, દીપ, કમળનું ફૂલ, ખીર અને સફેદ મીઠાઈ અર્પણ કરીને પરિવાર સાથે મળીને આરતી કરવામાં આવે છે. આ પૂજાનો મુખ્ય ભાવ એ છે કે ધનનો ઉપયોગ ધર્મ સાથે થાય તો જ તે લક્ષ્મી કહેવાય, નહિતર તે અલક્ષ્મી બની જાય છે.

લક્ષ્મીજીની કથા પણ એટલી જ બોધપ્રદ છે. એક સમયે દેવરાજ ઈન્દ્રને પોતાના વૈભવનું અભિમાન થયું. દુર્વાસા ઋષિએ આપેલી માળાનું અપમાન કરતા દેવી લક્ષ્મી રિસાઈ ગઈ અને સમુદ્રમાં ચાલી ગઈ. લક્ષ્મી વગર ત્રણેય લોક શ્રીહીન બની ગયા. ત્યારે ભગવાન વિષ્ણુની સલાહથી દેવો અને દાનવોએ મળીને સમુદ્ર મંથન કર્યું. અનેક રત્નો પછી અંતે હાથમાં કમળ ધારણ કરેલી, સોના જેવી કાંતિ વાળી દેવી મહાલક્ષ્મી પ્રગટ થયા અને તેમણે ભગવાન વિષ્ણુને વરમાળા પહેરાવી. આ કથા આપણને શીખવે છે કે જ્યાં વિનમ્રતા, સ્વચ્છતા, પરિશ્રમ અને સદાચાર હોય ત્યાં જ લક્ષ્મી ટકે છે. અભિમાન આવતા જ લક્ષ્મી ચંચળ બની જાય છે.

આ ચંચળ લક્ષ્મીને સ્થિર કરવા માટે આપણા ઋષિમુનિઓએ એક દિવ્ય ઉપાય આપ્યો છે જેનું નામ છે શ્રી યંત્ર. શ્રી યંત્રને યંત્રરાજ કહેવામાં આવે છે. વેદોમાં તેને દેવી લક્ષ્મીનું સાક્ષાત શરીર માનવામાં આવ્યું છે. આ કોઈ સામાન્ય આકૃતિ નથી પરંતુ સમગ્ર બ્રહ્માંડની રચનાનો નકશો છે. તેમાં નવ ચક્રો હોય છે જેમાં ચાર ઊર્ધ્વમુખી ત્રિકોણ શિવનું પ્રતીક છે અને પાંચ અધોમુખી ત્રિકોણ શક્તિનું પ્રતીક છે. આ નવ ત્રિકોણના સંયોગથી તેતાલીસ નાના ત્રિકોણ બને છે જેની મધ્યમાં એક બિંદુ છે. આ બિંદુ જ આદિ પરાશક્તિનું સ્થાન છે. આ અદ્‌ભુત રચના માનવ શરીર અને બ્રહ્માંડ વચ્ચે સેતુનું કામ કરે છે. જ્યારે તેની સામે બેસીને સાધના કરવામાં આવે ત્યારે મનની તમામ નકારાત્મક તરંગો શાંત થઈ જાય છે.

શાસ્ત્રો અનુસાર શ્રી યંત્રની સ્થાપના કરવાથી કુબેરની ધનવર્ષાનો અનુભવ થાય છે. તેને ઘર, દુકાન કે ઓફિસમાં ઈશાન ખૂણામાં સ્થાપિત કરવાથી વાસ્તુદોષ દૂર થાય છે અને ગ્રહોની પીડા શાંત થાય છે. એવું કહેવાય છે કે શ્રી યંત્રમાં તમામ નવ ગ્રહોને સંતુલિત કરવાની શક્તિ છે. જ્યાં તેની નિત્ય પૂજા થાય છે ત્યાં રોગનો વાસ રહેતો નથી, પરિવારમાં કલહને બદલે પ્રેમ વધે છે અને બાળકોનું મન અભ્યાસમાં લાગે છે. ખરાબ સમય પણ અનુકૂળ બની જાય છે કારણ કે દેવી લક્ષ્મીની સાથે શ્રી યંત્રમાં સરસ્વતી અને મહાકાળીની શક્તિ પણ સમાયેલી છે. તે સર્વ ધર્મ માટે પૂજનીય છે કારણ કે તે કોઈ વ્યક્તિ નહીં પણ ઊર્જાના સિદ્ધાંત પર કામ કરે છે.

આ પવિત્ર યંત્રની સાથે શ્રી સૂક્તનો પાઠ કરવાનો મહિમા તો અવર્ણનીય છે. ઋગ્વેદના ખિલ સૂક્તમાં આવેલું શ્રી સૂક્ત એ દેવી લક્ષ્મીને પ્રસન્ન કરવાનો સૌથી પ્રાચીન અને પ્રામાણિક મંત્ર છે. શ્રી સૂક્તનો સાર ખૂબ જ ગહન છે. તેમાં દેવી લક્ષ્મીને સોનાની કાંતિ વાળી, કમળ પર બિરાજમાન, સુગંધિત, કરુણામયી અને સમસ્ત જીવોની જનની તરીકે વર્ણવવામાં આવી છે.


સૂક્ત પ્રાર્થના કરે છે કે હે દેવી, તમે હાથીના મદજળથી અભિષિક્ત છો, તમારા હાથમાં કમળ છે, તમે અન્ન અને ધન આપનારી છો, અમને કીર્તિ, સમૃદ્ધિ અને સુખ આપો. અમને અલક્ષ્મી એટલે કે દરિદ્રતા, ભૂખ અને ઈર્ષ્યાથી દૂર રાખો. શ્રી સૂક્ત કહે છે કે લક્ષ્મી એટલે માત્ર સિક્કા નથી, લક્ષ્મી એટલે ધાન્યલક્ષ્મી, ધૈર્યલક્ષ્મી, વિજયલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી અને સંતાનલક્ષ્મી. જ્યારે શ્રી યંત્ર સામે બેસીને શ્રી સૂક્તનો પાઠ કરવામાં આવે છે ત્યારે તેનો પડઘો ઘરના વાતાવરણને શુધ્ધ કરે છે અને પ્રથમ દિવસથી જ સકારાત્મક પરિવર્તનનો અનુભવ થાય છે. આસ્થા અને નિયમિતતા હોય તો આ સિધ્ધ યંત્ર ખરેખર કોહિનૂરની જેમ જીવનને ચમકાવી દે છે.

ભગવાન વિષ્ણુની સલાહથી દેવો અને દાનવોએ મળીને સમુદ્ર મંથન કર્યુ. અનેક રત્નો પછી અંતે હાથમાં કમળ ધારણ કરેલી, સોના જેવી કાંતિ વાળી દેવી મહાલક્ષ્મી પ્રગટ થયા અને તેમણે ભગવાન વિષ્ણુને વરમાળા પહેરાવી. આ કથા આપણને શીખવે છે કે જ્યાં વિનમ્રતા, સ્વચ્છતા, પરિશ્રમ અને સદાચાર હોય ત્યાં જ લક્ષ્મી ટકે છે.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૭૭૫	૧૮૭૬
ઘઉં લોકવન	૫૯૦	૬૫૩
ઘઉં ટુકડા	૫૯૩	૭૨૧
જુવાર સફેદ	૧૨૦૦	૧૮૦૦
જુવાર પીળી	૫૦૦	૬૧૦
બાજરી	૪૫૩	૫૪૬
તુવેર	૧૩૦૦	૨૧૨૫
ચણા પીળા	૧૩૭૦	૧૪૭૬
ચણા સફેદ	૧૬૬૦	૨૨૨૧
અડદ	૧૪૦૦	૨૦૨૮
મગ	૧૪૨૫	૧૭૭૮
વાલ દેશી	૩૨૫	૧૪૧૦
ચોળી	૧૦૧૦	૨૧૧૯
વટાણા	૬૦૦	૯૫૬
કળથી	૪૨૫	૧૫૫૫
રાજમા	૧૮૨૦	૨૦૮૦
તલી	૨૩૫૦	૩૨૫૭
એરંડા	૧૦૦૫	૧૫૫૨
સોયાબીન	૧૧૮૦	૧૪૫૬
કાળા તલ	૩૦૦૦	૪૦૪૭
લસણ	૧૧૦૦	૨૭૦૦
ધાણા	૨૫૦૦	૩૦૩૫
મરચા સુકા	૩૫૦૦	૫૨૦૦
ધાણી	૨૯૮૦	૩૪૪૪
વરીયાળી	૧૪૫૫	૨૯૬૦
જીરૂ	૪૫૦૦	૫૨૧૨
રાય	૧૪૫૦	૧૮૯૬
મેથી	૫૦૦	૧૯૪૫
અશેરીયો	૧૫૦૩	૧૫૦૩
કલોંજી	૪૮૦૦	૫૩૦૦
રાયડો	૧૩૫૦	૧૭૦૦
રજકાનું બી	૩૧૭૫	૬૮૩૦
ગુવારનું બી	૧૩૫૦	૧૬૮૦
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૯૯૧	૧૯૮૯
પપૈયા	૧૮૭	૩૮૯
બટેટા	૧૨૫	૩૫૨
ડુંગળી સુકી	૨૪૦	૭૫૫
ટમેટા	૨૧૯	૫૧૦
સુરણ	૪૧૦	૫૯૩
કોથમરી	૭૨૯	૧૨૧૧
મુળા	૪૧૯	૬૧૦
રીંગણા	૧૦૯	૨૮૯
કોબીજ	૨૨	૮૧
ફ્લાવર	૨૬૪	૪૯૫
ભીંડો	૬૨૫	૮૧૧
ગુવાર	૬૨૩	૧૦૦૫
ચોળાસીંગ	૫૮૭	૯૭૯
વાલોળ	૫૨૫	૭૯૩
ટીંડોળા	૧૧૧	૫૧૭
દુધી	૧૦૧	૧૩૯
કારેલા	૨૧૫	૩૬૪
સરગવો	૫૨૭	૧૦૧૪
પરવર	૭૯૨	૮૭૮
કાકડી	૫૧૮	૭૯૮
ગાજર	૪૦૧	૫૯૨
વટાણા	૨૪૧૨	૩૨૩૧
તુવેરસીંગ	૮૨૧	૧૦૧૧
ગલકા	૩૧૪	૫૧૮
બીટ	૩૧૫	૪૯૭
મેથી	૫૨૧	૬૮૮
વાલ	૬૦૫	૮૨૭
ડુંગળી લીલી	૩૮૯	૫૮૩
આદુ	૧૪૧૮	૨૯૮૮
મરચા લીલા	૩૧૨	૫૯૭
હળદર લીલી	૫૯૧	૧૦૧૩
લસણ લીલું	૨૦૨૮	૩૦૭૮
મકાઇ લીલી	૧૫૨	૩૦૯
ગોંડલ		
કપાસ	૧૧૦૧	૧૮૬૧
ઘઉં લોકવન	૫૮૪	૬૦૦
ઘઉં ટુકડા	૫૫૦	૮૦૦
મગફળી જીણી	૧૦૭૧	૧૬૭૧
સિંગદાણા જાડા	૧૭૬૧	૨૨૧૧
સિંગ ફાડીયા	૧૧૫૦	૧૯૯૧
તલ કાળા	૧૫૦૦	૩૩૫૧
જીરૂ	૨૫૦૦	૫૩૫૧
ક્લંજી	૩૩૦૧	૫૧૯૧
વરીયાળી	૫૦૦	૨૬૫૧
ધાણા	૨૪૦૧	૩૧૬૧
અડદ	૧૨૦૦	૧૮૫૧
તુવેર	૯૨૬	૧૮૫૧
રાયડો	૧૩૯૧	૧૩૯૧
મેથી	૧૫૫૧	૧૬૧૧
મરચા	૨૧૦૧	૬૬૦૧
મગફળી જાડી	૧૦૨૧	૧૭૧૧
મગફળી ૬૬	૧૫૯૧	૧૯૫૧
તલ - તલી	૧૮૦૦	૩૨૭૧
ઇસબગુલ	૧૯૨૧	૧૯૨૧
ધાણી	૩૦૫૧	૩૧૮૧
બાજરો	૫૨૧	૫૪૧
જુવાર	૧૨૯૧	૧૮૪૧
મગ	૧૪૦૧	૧૬૮૧
ચોળા / ચોળી	૧૫૦૦	૧૫૦૦
ગોગળી	૯૦૦	૧૪૮૧
વટાણા	૩૭૬	૫૦૦
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૧૪૦	૫૦૦
મરચા	૨૦૦	૧૦૦૦
ગુવાર	૨૦૦	૧૨૦૦
કોબી	૪૦	૧૬૦
દુધી	૬૦	૩૦૦
ફ્લાવર	૪૦	૫૦૦
કાકડી	૨૦૦	૮૦૦
રીંગણા	૨૦	૩૦૦
ભીંડો	૨૦૦	૮૦૦
ગલકા	૧૮૦	૬૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૧૨૦	૪૦૦
તુવેર	૨૦૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૪૦૦
વટાણા	૧૯૮૦	૨૮૦૦
શક્કરીયા	૨૦૦	૧૬૦૦
કેરી કાચી	૧૦૦૦	૨૬૦૦
બટેટા	૧૪૦	૨૮૦
આંબળા	૨૦૦	૮૪૦
લીલી હળદર	૪૦૦	૯૦૦
ડુંગળી પુરા	૫	૧૫
તાંજરીયા પુરા	3	૧૧
કોથમીર પુરા	૨	૧૦
મૂળા પુરા	૫	૮
ચુરણ	૧૮૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૮૦૦
લીંબુ	૨૦૦	૧૬૦૦
મેથી પુરા	૧	૮
બીટ પુરા	૧૦	૧૫
સરગવો પુરા	૨૫	30
ચોરા	૨૦૦	૯૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોર	૧૮૦	૮૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૨૦૦	૧૬૦૦
મકાઇ ડોડા	૧૪૦	૩૦૦
લસણ પુરા	૧૦	૧૮
પાલક પુરા	૨	૭
અમરેલી		
શિંગ મઠડી	૯૧૦	૧૪૪૦
ગીરનારી શીંગ	૧૦૯૫	૧૫૦૫
શિંગ મોટી	૧૦૫૦	૧૫૬૫
શિંગદાણા ફાડા	૧૨૬૦	૧૮૦૦
તલ સફેદ	૨૩૨૫	૪૧૦૫
તલ કાળા	૨૫૦૦	૪૧૯૦
તલ કાશમીરી	૨૮૩૦	૩૦૨૦
બાજરો	૪૦૦	૬૫૦
જુવાર	૪૭૫	૧૯૧૦
ઘઉં ટુકડા	૫૦૦	૭૦૦
ઘઉં લોકવન	૫૫૦	૬૩૫
મકાઈ	૪૫૦	૬૩૫
મગ	૧૩૩૦	૧૪૫૫
અડદ	૧૧૦૦	૧૮૦૦
ચણા	૧૦૦૦	૧૪૬૦
ચણા દેશી	૧૪૬૫	૧૪૬૫
સફેદ ચણા	૯૭૫	૧૪૦૦
તુવેર	૧૦૦૦	૧૮૯૦
કપાસ	૧૩૦૦	૧૯૦૫
એરંડા	૧૦૦૦	૧૫૬૫
જીરૂ	૧૮૦૦	૫૧૦૦
રાયડો	૧૫૦૦	૧૫૬૦
ધાણી	૨૫૦૦	૩૪૦૦
મેથી	૧૩૦૦	૧૪૦૫
સોયાબીન	૯૯૦	૧૪૨૫
અમરેલી (શાકભાજી)		
બટેટા	૧૨૦	૨૭૦
રીંગણા	૧૦૦	૩૦૦
ફ્લાવર	૨૨૨૦	૩૦૦
કોબીજ	૧૦૦	૧૫૦
શકકરીયા	૪૦૦	૫૦૦
ટમેટાં	૩૨૦	૫૫૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૧૬૦	૨૨૦
કારેલા	૪૨૦	૫૦૦
ગલકા	૪૦૦	૫૦૦
મૂળા	૧૮૦	૨૮૦
કાકડી	૫૦૦	૮૦૦
ગુવાર	૬૦૦	૧૦૦૦
વાલોળ	૫૫૦	૬૫૦
વટાણાં	૨૮૦૦	૩૦૦૦
ચોળા લીલા	૬૦૦	૭૦૦
તુરીયા	૬૦૦	૭૦૦
લીલી તુવેર	૧૦૦૦	૧૨૦૦
ચીભડા	૪૫૦	૭૫૦
ભીંડો	૬૦૦	૭૦૦
હળદર લીલી	૭૦૦	૯૩૦
આદુ	૧૪૦૦	૧૫૦૦
કોથમીર	૬૦૦	૧૪૦૦
મેથીભાજી	૪૨૦	૫૩૦
ફોદીનો	૮૦૦	૯૨૦
ટીંડોરા	૪૦૦	૫૦૦
બીટ	૬૦૦	૬૭૦
વાલ	૧૦૦૦	૧૮૦૦
સરગવો	૧૦૦૦	૧૨૦૦
લીમડો મીઠો	૧૫૦	૧૮૦
મરચાં લીલાં	૫૧૦	૮૦૦
મરચાં લાલ	૩૦૦	૮૦૦
ડુંગળી લીલી	૩૦૦	૪૦૦
ડુંગળી સુકી	૩૦૦	૧૦૦૦
લસણ લીલું	૨૦૫૦	૨૫૫૦
લસણ સુકુ	૧૮૦૦	૨૨૦૦
પાલક	૫૫૦	૬૭૦
લીંબુ	૧૦૦૦	૧૪૦૦
મકાઈ	૨૦૦	૩૦૦
ધારી		
કપાસ A	૧૨૦૧	૧૮૬૬
મગફળી	૯૦૦	૧૫૬૦
ઘઉં	૫૫૫	૬૦૦
ચણા	૯૦૦	૧૪૫૧
ધાણા	૨૯૦૦	૩૦૧૦
અજમા	૧૫૫૦	૧૫૫૦
મકાઈ	૬૧૦	૬૧૦
કલોંજી	૨૬૫૦	૪૭૫૧
સોયાબીન	૧૨૮૦	૧૩૧૧
એરંડા	૧૪૪૦	૧૪૪૦
બગસરા		
કપાસ	૧૭૩૭	૧૮૮૭
ઘઉં લોકવન	૫૦૦	૬૩૪
મગફળી	૧૧૦૦	૧૩૯૦
ચણા	૧૩૦૦	૧૪૧૭
લસણ	૧૩૨૦	૨૦૬૫
અળસી	૧૩૦૦	૧૩૦૦
સોયાબીન	૮૦૦	૧૩૨૫
તુવેર	૮૦૦	૧૩૯૫
અડદ	૧૭૨૫	૧૭૨૫
તલ સફેદ	૨૫૦૦	૩૪૦૦
તલ કાળા	૩૩૪૦	૪૦૦૦
ચણા સફેદ	૧૩૧૦	૧૩૧૦
ધાણા	૨૭૮૦	૨૯૪૦
બાબરા		
કપાસ	૧૮૨૧	૧૯૧૦
કપાસ મીડીયમ	૧૭૧૦	૧૭૯૦
મગફળી	૧૩૨૧	૧૫૨૧
તલ કાળા	૩૨૩૦	૩૮૦૦
જીરૂ	૪૯૮૦	૫૪૦૦
ચણા	૧૩૯૦	૧૪૩૦
ઘઉં	૫૭૭	૭૦૧
અડદ	૧૭૧૦	૧૮૦૫
મગ	૧૬૧૦	૧૯૪૦
સોયાબીન	૧૩૬૫	૧૩૯૭
ભેંસાણ		
કપાસ	૧૭૪૬	૧૮૮૧
મગફળી	૧૧૫૧	૧૩૦૧
લસણ	૧૨૦૧	૧૨૦૧
સોયાબીન	૧૦૦૧	૧૩૨૧
મહુવા		
શીંગ ગીરનાર	૧૦૦૦	૧૫૮૧
શીંગ ૬૬	૧૨૦૦	૧૮૮૫
શીંગ ૩૯	૯૦૦	૧૬૫૦
શીંગ જી-૨૦	૧૧૦૦	૧૬૩૮
જુવાર	૪૫૬	૧૬૯૪
બાજરી	૪૯૯	૫૯૯
બાજરો	૭૨૫	૧૭૦૦
ઘઉં ટુકડા	૫૨૧	૭૪૬
મકાઈ	૬૪૦	૬૪૦
અડદ	૧૦૪૦	૨૨૦૧
મગ	૧૪૦૦	૧૪૦૦
સોયાબીન	૧૨૮૬	૧૩૭૫
ચણા	૧૧૦૦	૧૪૫૦
તલ સફેદ	૩૦૦૦	૩૨૭૬
તલ કાળા	૩૦૦૦	૩૬૯૩
મેથી	૧૫૧૫	૧૬૦૦
ડુંગળી લાલ ન.	૨૫૦	૮૬૧
ડુંગળી લાલ જ.	૨૬૨	૮૦૩
ડુંગળી સફેદ ન.	૧૫૦	૭૦૯
ડુંગળી સફેદ જ.	૨૫૦	૫૨૩
કપાસ શંકર	૧૬૭૦	૧૭૭૮
નાળીયેર	૯૦૦	૩૩૦૦
કોડીનાર		
મગફળી નવી	૧૩૫૦	૧૬૫૨
બાજરી હાઈબ્રીડ	૪૩૫	૫૭૦
ઘઉં	૫૧૧	૬૫૬
જુવાર	૧૨૦૦	૧૬૧૮
અડદ	૧૨૦૦	૧૮૮૦
ચણા	૧૩૦૦	૧૪૨૦
સફેદ તલ	૨૭૦૦	૩૦૮૦
કાળા તલ	૨૨૦૦	૩૯૧૫
સોયાબીન	૧૨૦૦	૧૪૨૦
કપાસ	૧૭૦૦	૧૮૨૦
જામનગર		
બાજરી	૪૫૦	૫૪૮
ઘઉં	૫૫૦	૬૫૮
મગ	૧૦૦૦	૧૪૫૦
અડદ	૧૩૦૦	૧૮૭૫
તુવેર	૯૦૦	૧૦૫૦
ચણા	૧૩૯૦	૧૪૮૦
ચણા સફેદ	૧૮૦૦	૨૧૦૦
મગફળી જીણી	૧૪૦૦	૧૭૦૦
મગફળી જાડી	૧૩૦૦	૧૬૪૦
મગફળી 66 NUM	૧૫૦૦	૨૩૦૦
મગફળી 9 NUM	૧૭૦૦	૨૬૦૦
તલી	૨૦૦૦	૩૨૫૦
તલ કાળા	૨૦૦૦	૩૩૪૦
લસણ	૮૦૦	૩૫૭૫
કપાસ	૧૭૭૦	૧૯૩૦
જીરૂ	૪૦૦૦	૫૨૫૩
મરચાં	૧૦૦૦	૬૦૦૦
ડુંગળીસુકી	૭૦૦	૮૦૦
શીંગદાણા	૧૩૦૦	૧૬૭૫
સોયાબીન	૯૦૦	૧૩૪૮
વટાણા	૩૯૦	૬૫૫
ખાંભા		
કપાસ	૧૭૭૧	૧૮૬૦
મગફળી	૧૨૯૧	૧૩૫૧
જુવાર સફેદ	૧૪૦૦	૧૬૦૦
તલ કાળા	૩૮૦૦	૩૯૦૦
સોયાબીન	૧૨૮૧	૧૩૧૪
તલ સફેદ	૩૨૦૦	૩૨૦૦
ઘઉં	૫૩૭	૫૩૭
લીલીયા મોટા		
કપાસ	૧૮૨૩	૧૮૭૬
કપાસ જુનો	૧૦૦૦	૧૦૦૦
રાજુલા		
શીંગ	૧૦૦૦	૧૫૧૧
તલ સફેદ	૩૦૦૦	૩૧૭૬
તલ કાળા	૩૫૦૦	૪૦૦૦
કપાસ	૧૭૨૫	૧૮૪૫
બાજરો	૪૭૦	૬૫૫
ઘઉં ટુકડા	૫૦૦	૭૩૧
જુવાર	૭૦૦	૧૮૮૦
મકાઈ	૬૫૦	૬૫૦
મગ	૧૭૫૦	૧૭૫૦
અડદ	૧૬૫૦	૧૮૭૦
તુવેર	૧૨૦૦	૧૨૦૦
ચણા	૧૨૦૦	૧૫૫૦
સોયાબીન	૯૫૧	૧૩૬૫

શબ્દ સંજોગ-૨૨૯૩



આડી ચાવી :
(૧) લોકગીતમાં વહાલુ કે મોટુ માણસ (૪)
(૪) એક ફૂલ (૨)
(૭) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૯) એક પક્ષી (૩)
(૧૧) ગામના પાદર પરની ગૌચર જમીન (૩)
(૧૩) દરમિયાનગીરી કરવી તે (જવાબ આ-અ) (૩)
(૧૪) એક જંગલી- હિંસક પ્રાણી (૩)
(૧૬) ઉત્તર ગુજરાતનો એક ગઢ જયા આવેલો છે તે સ્થળ (૩)
(૧૮) પુત્ર (૩)
(૧૯) ...તે...બીજા વગડાના વા. (૧)
(૨૦) લશ્કર, જોર (૨)
(૨૨) એક જાતનો વેલો (૩)
(૨૫) ....થઈ ગયો ચાલો (૩)
(૨૭) એક વિદેશી દારૂ (૨)
(૨૮) ખ્રિસ્તી ધર્મોપદેશક (૩)
(૩૦) લવ-કુશના પિતા (૨)
(૩૧) એક તંતુવાદ્ય (૩)
(૩૨) એક જાતનુ બારીક કાપડ (૪)

ઉભી ચાવી :
(૧) હાથી (૩)
(૨) પીડા, આપદા (૩)
(૩) ....ને માથે જુતિયા (૨)
(૫) ખરુ લોઢુ, ગજવેલ (૩)
(૬) ચેક પર આ તો જોઈએ જ (૩)
(૮) સુથારનું એક હથિયાર (૪)
(૧૦) કંકણ, કડું (૩)
(૧૨) સૂર્ય, સૂરજ (૩)
(૧૫) ઉત્પન્ન કરવુ તે (૩)
(૧૬) એન્જિનિયર (૪)
(૧૭) પેન્સીલનું લખેલુ ભૂસવા માટે વપરાય (૩)
(૨૧) આવજો...... (૪)
(૨૩) અંધારૂ, અજ્ઞાન (૩)
(૨૪) ચાખવુ તે (૨)
(૨૬) જોડકુ (૩)
(૨૮) પગ (૨)
(૨૯) વીસ ઘા કાગળ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૨ જવાબ

આડી ચાવી: (૧) નવકાર (૪) જાગરણ (૬) પઠછાયો (૮) ત્રસ્ત (૧૦) મલ (૧૧) કણક (૧૩) વરસ (૧૪) વ્યસ્ત (૧૫) શ્વાન (૧૭) રબ (૧૯) વારંવાર (૨૧) નાચ (૨૨) ફરક (૨૩) વિના (૨૪) સ્પર્શ (૨૫) સળંગ (૨૭) અલભ્ય (૨૮) તમસ. **ઉભી ચાવી:** (૧) નક્ષત્ર (૨) કાપ (૩) રડમસ (૪) જાયો (૫) રમણ (૭) છાલ (૯) સ્તવન (૧૧) કસ્તર (૧૮) બનાના (૧૯) વાર (૨૦) રંક (૨૨) ફર્શ (૨૩) વિગત (૨૪) સ્પર્ધા (૨૫) સભ્ય (૨૬) રાસ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

પાલિકા પ્રમુખ અને આગેવાનોની હાજરીમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે

અમરેલીમાં PGVCLની નવી પેટા વિભાગીય કચેરી અને ત્રણ નવા વીજ ફીડરનું લોકાર્પણ

૨૦ ગામોના ૧૫ હજારથી વધુ વીજ ગ્રાહકોને સ્થાનિક સ્તરે મળશે સેવા

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં વીજ સેવાઓ વધુ સુદૃઢ અને આધુનિક બનાવવા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. અમરેલીના જેસિંગપુરા વિસ્તારમાં નવી પેટા વિભાગીય કચેરી અમરેલી રૂરલ-૨ તથા શહેરના ગ્રીન પાર્ક વિસ્તારમાં ત્રણ નવા ૧૧ કે.વી. વીજ ફીડરનું લોકાર્પણ ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.જેસિંગપુરા ખાતે નવી કચેરી કાર્યરત થતાં આશરે ૨૦ ગામોના ૧૫ હજારથી વધુ વીજ ગ્રાહકોને સ્થાનિક સ્તરે સેવાઓનો લાભ મળશે. વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નો, ફરિયાદો અને અન્ય કામગીરી



માટે હવે ગ્રાહકોને નજીકમાં જ સુવિધા ઉપલબ્ધ થશે. આ પ્રસંગે મંત્રીએ કર્મચારીઓ અને વીજ ગ્રાહકોને શુભેચ્છા પાઠવી વીજ પુરવઠામાં વિક્ષેપ ન પડે અને ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત વીજ લાઈનમાં ખામી સર્જાય ત્યારે ઝડપી કામગીરી થઈ શકે તે માટે બકેટ હાઈડ્રો લેડર વાહનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી-૨ હેઠળ આશરે ૨૧ હજાર વીજ ગ્રાહકો આવે છે, જેમાંથી સાત હજાર ગ્રાહકોને ત્રણ નવા ફીડરનો સીધો લાભ મળશે. આ પ્રસંગે ઊર્જા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સંવાદ કાર્યક્રમ પણ યોજાયો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે અમરેલી સહિત આસપાસના વિસ્તારના વીજ માળખાને આધુનિક બનાવવા રાજ્ય સરકાર દ્વારા આશરે રૂ. ૧,૦૦૦ કરોડનું પેકેજ મંજૂર કરવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે. આ યોજના હેઠળ ખેતીવાડી, જ્યોતિગ્રામ અને શહેર વિસ્તારમાં જૂના વીજ વાયરો બદલી આધુનિક વીજ લાઈનો તથા ભૂગર્ભ કેબલ નાખવાની કામગીરી કરવામાં આવશે.કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે આગોતરું આયોજન અને સમયબધ્ધ આયોજન તૈયાર કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ વૈશાલી માંગરોળિયા, ડેની પરમાર, આશિષ અકબરી સહિતના આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

કોડીનારમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાશે

૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ ભોજન પ્રસાદ, શોભાયાત્રા, મહાઆરતી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

કોડીનાર, તા. ૦૫

કોડીનારમાં લોહાણા મહાજન અને જલારામ સેવા મંડળ દ્વારા સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૫ના રોજ શ્રમજીવી વસાહતમાં ભોજન પ્રસાદ વિતરણ, જલારામ રાસોત્સવ અને જન્મોત્સવ યોજાશે. જ્યારે તા. ૧૬ના રોજ પ્રભાતફેરી, શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, સાધુભોજન, મહાપ્રસાદ, સન્માન સમારોહ, મહાઆરતી, પૂજન અને સંતવાણી યોજાશે. સંતવાણીમાં પ્રેમ ઠક્કર, પંકજ ચૌહાણ સહિતના કલાકારો ભક્તિરસ પીરસશે. કાર્યક્રમને સફળ બનાવવા યુવાનો તૈયારી કરી રહ્યા હોવાનું મહાજન પ્રમુખ ભાવેશભાઈ રૂપારેલે જણાવ્યું છે.

જમ્મુ બોર્ડર પર સૈનિકો સાથે સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશને દિવાળીની ઉજવણી કરી

બગસરા તા. ૦૫

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરતની ટીમ દ્વારા જમ્મુ ભારત-પાકિસ્તાન બોર્ડર પર દેશની રક્ષા કરતા જવાનો સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે બીએસએફ ફ્રન્ટિયર જમ્મુ કેમ્પસમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં



તસવીર : હાર્દિક બામટા

આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ અને મૂળ બગસરાના વતની ઘનશ્યામ બિરલાએ જણાવ્યું હતું કે ૧,૦૦૦ જવાનોને મીઠાઈ અને ભેટ આપીને એલઓસીની ચોકીઓની મુલાકાત લેવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન શહીદ થયેલા દીપક અને ઈમ્તિયાઝ જવાનોની ૬૦મી બટાલિયનની ચોકીની પણ મુલાકાત લીધી હતી. જમ્મુ ફ્રન્ટિયરના રેન્જ આઈજી આસિફ જલાલના હસ્તે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. આ પ્રવાસમાં ડૉ. મધુકાંત ગોંડલિયા સહિત સંસ્થાના સભ્યો જોડાયા હતા.

ઉનાના મોઠા ગામે દીપડાએ બે દિવસમાં બે ગાયોનું મારણ કર્યું

ઉના,તા.૦૫



ઉના તાલુકાના મોઠા ગામે દૂધનાથ મહાદેવ મંદિર પાછળ આવેલી વાડીમાં દીપડાએ બે દિવસમાં એક જ માલિક સામતભાઈ ગોહિલની બે ગાયનો શિકાર કર્યો છે. ૧૦ ફૂટ ઊંચી દીવાલ કૂદીને આવેલા દીપડાએ સળંગ બે રાત આતંક મચાવતાં વાડી વિસ્તારમાં ભારે ભય ફેલાયો છે. વન વિભાગે પાંજરું ગોઠવ્યું હોવા છતાં યોગ્ય સહકાર ન મળતો હોવાનો ખેડૂતે આરોપ લગાવ્યો છે. સ્થાનિકોએ વાડી વિસ્તારમાં વન વિભાગનું પેટ્રોલિંગ વધારવા, દીપડાને પાંજરે પૂરવા અને પીડિત ખેડૂતને ગાયોનું યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પરેડમાં SGVP ગુરુકુલની દીકરીઓનું ભવ્ય બેન્ડ પ્રદર્શન

ઉના, તા.૦૫

રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલી એકતા પરેડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં SGVP ગુરુકુલની માતુશ્રી આર.ડી. વરસાણી કન્યા વિદ્યાલય, દ્રોણેશ્વરની દીકરીઓએ ભવ્ય બેગ પાઈપ બેન્ડ પ્રદર્શન કર્યું હતું. SGVP ગુરુકુલના અધ્યક્ષ માધવપ્રિયદાસ સ્વામીની પ્રેરણાથી



તૈયાર થયેલી આ ટીમે રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. દીકરીઓએ પોતાની શિસ્ત, સંગીત સાધના, સમર્પણ અને કૌશલ્યથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સમગ્ર શિક્ષા ગુજરાત અને ગૃહ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી પરેડમાં ટીમની સફળતાથી ગીર ગઢડા તાલુકા, ગીર સોમનાથ જિલ્લા અને ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ટીમને તૈયાર કરવામાં કુવર યાદવ અને દલપતભાઈ ધાનાણીની અથાગ મહેનત રહી હતી. સંતોના આશીર્વાદ અને માર્ગદર્શન બદલ સમગ્ર SGVP પરિવારે દીકરીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ટીબી નિર્દોષાનંદજી હોસ્પિટલને સ્વ. વિમુબેન લહેરીના જન્મદિવસ નિમિત્તે રૂ.૧.૧૧ લાખનું અનુદાન અપાયું

ટીંબી,તા.૦૫

ટીંબી સ્થિત સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ખાતે અમરેલી જિલ્લા પંચાયતના નિવૃત્ત અધિકારી પ્રકાશભાઈ બચુભાઈ લહેરી અને તેમના પુત્ર હાર્દિકભાઈ લહેરીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમની સાથે મિત્રો પી. પી. કાબરીયા અને પંકજભાઈ વઘાસીયા પણ ઉપસ્થિત રહ્યા



હતા. આ મુલાકાત દરમિયાન દાતાઓએ સ્વ. વિમુબેન પ્રકાશભાઈ લહેરીના જન્મદિવસ નિમિત્તે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીનારાયણની સેવા અર્થે રૂપિયા ૧,૧૧,૦૦૦નું ઉદાર અનુદાન ચેક સ્વરૂપે અર્પણ કર્યું હતું. આ બદલ સંસ્થાના ટ્રસ્ટી બી. એલ. રાજપરા દ્વારા દાતા પિતા-પુત્રનું સદ્ગુરુદેવ લિખિત પ્રેરણાદાયી પુસ્તક "જીજ્ઞાસુ પિયુષ" અને શાલ ઓઢાડીને ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ટ્રસ્ટી મંડળ વતી લહેરી પરિવારની આ સરાહનીય માનવસેવા તથા ઉમદા સહયોગ બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન-વાઈસ ચેરમેનની વરણી



અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પદે પિન્ટુભાઈ કુરૂન્દલ અને વાઈસ ચેરમેન પદે કેવલભાઈ મહેતાની નિમણૂક કરવામાં આવતા શહેરના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં આનંદની લાગણી ફેલાઈ છે. બંનેની નિમણૂકને શિક્ષણવિદો, રાજકીય આગેવાનો તેમજ શહેરના સામાજિક આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. આ નિમણૂકથી અમરેલી શહેરના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નવી દિશા અને વિકાસની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

લીલીયા તાલુકાના હાથીગઢ-બોડિયા માર્ગ પર ગાડી પલટી

અમરેલી,તા.૦૫



લીલીયા તાલુકાના હાથીગઢ-બોડિયા માર્ગ પર લક્ઝરી બસ સામે આવી જતાં ગોકુળ નમકીનની ગાડી પલટી ગઈ હતી. મળતી માહિતી મુજબ, ગાડી માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક સામેથી લક્ઝરી બસ આવતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે ગાડી પલટી ગઈ હતી. ઘટનાને પગલે સ્થાનિક લોકોનાં ટોળાં એકત્રિત થયાં હતાં. જોકે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુના હસ્તે

ધારીના મોરઝર ગામે રૂ. ૨૦.૬૨ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૫

ધારી તાલુકાના મોરઝર ગામે રૂ. ૨૦.૬૨ લાખના ખર્ચે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવનાર છે. આ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું.



ગામમાં વિકાસલક્ષી કામગીરીના પ્રારંભ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૮૬/૨૬
મુદત તારીખ :૨૯/૧૨/૨૦૨૬

અરજદાર : કાનજીભાઈ નાનજીભાઈ દેલવાડીયા,
ઉ.વ.૭૦, ધંધો:મજુરીકામ, મુ.વાઘણીયા, તા.લીલીયા, જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ અધિકારીશ્રી-વાઘણીયા
મુ.વાઘણીયા, તા.લીલીયા જી.અમરેલી
અરજદારના વકીલ :— એ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર કાનજીભાઈ નાનજીભાઈ દેલવાડીયા, રહે.વાઘણીયા, તા.લીલીયા મોટા, જી.અમરેલીવાળાએ તેમના માતાની મરણ તારીખ :૧૫/૦૨/૧૯૮૧ના રોજ વાઘણીયા મુકામે થયેલ છે. તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૨૯/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૦૪ માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એસ.જે.મકવાણા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી (જે.પી.મકવાણા) બેન્ચ કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એ.એસ.દવે) રજીસ્ટાર જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

-:: જાહેર નોટીસ ::-

(જન્મ નોંધના સમર્થનમાં)

ફો.પ.અ.નં. ૧૫૦/૨૦૨૬

મે લાઠીના જયુ.મેજી (ફ.ક) સાહેબની કોર્ટમાં મું લાઠી

અરજદાર :- સતાણી રેખાબેન કાનજીભાઈ

- //વિરૂદ્ધ//-

સામાવાળા :- ત.ક.મ શેખ પીપરીયા ગ્રામ પંચાયત કચેરી

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે.લાઠી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે શેખ પીપરીયા ગામના રહેવાસી છે. અમો અરજદાર પોતાની સતાણી રેખાબેન કાનજીભાઈની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતાની સતાણી રેખાબેન કાનજીભાઈનો જન્મ જે તે સમયે શેખ પીપરીયા મુકામે જન્મ તારીખ:૮/૧૧/૧૯૭૫ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ:૧૭/૧૧/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા ના જયુ. મે(ફ.ક) સાહેબની કોર્ટ ખાતે સવારના ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ:૨/૧૧/૨૦૨૬

રજીસ્ટ્રર ઓફ લાઠી જયુ મેજી ફક કોર્ટ મુ.લાઠી

જિલ્લા કક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં સોમનાથ એકેડેમીની બહેનો પ્રથમ

કોડીનાર,તા.૦૫

કોડીનારની DLSS સોમનાથ એકેડેમીની U-14 બહેનોએ તા. ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સરખડી ખાતે યોજાયેલી KMK જિલ્લા રમતોત્સવની વૉલીબૉલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગીર સોમનાથ જિલ્લાની વિવિધ શાળાઓની ટીમો વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી સહિત કેમ્પસ ડાયરેક્ટર, કોચ, ટ્રેનર તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

અવસાન નોંધ

ચલાલા

સ્વ.હર્ષદભાઈ ગુલાબચંદભાઈ માંડલિયા(ઉં. વર્ષ ૬૮)નું તારીખ ૫, ૧૧, ૨૦૨૬ ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મયુરભાઈ હર્ષદભાઈ માંડલિયા અને રિંકલના પિતાશ્રી તથા સ્વ. તરુણભાઈ માંડલિયા (અમરેલી), સ્વ પ્રવીણભાઈ માંડલીયા (ઘોકડવા) ના મોટાભાઈ તેમજ પંકજભાઈ માંડલિયાના નાનાભાઈ અને બીપીનભાઈ, હિતેશભાઈ અને પરેશભાઈ,(ઘોરાજી)ના બનેવી થાય છે. તેમનુ સદગતનું બેસણું અને પીર પક્ષની સાદડીબંન્ને એકી સાથે તા. ૬,૧૧, ૨૦૨૬ શુક્રવાર સાંજના ૪ થી ૬ લોહાણા મહાજન વાડી ચલાલા રાખવામાં આવેલ છે.

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૮/૨૬ તા.૦૮/૦૬/૨૦૨૬

વિવાદી :- શ્રી રસુલમીયા અમીનમીયા પીરજાદા
રહે.ગોંડલ દરવાજા,મું.તા.જેતપુર જિ.રાજકોટ
મો.નં.૯૧૦૪૬ ૬૮૨૦૧
- //વિરૂદ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી -વ- તલાટી-કમ-મંત્રીશ્રી
મુ.શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શેખપીપરીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રસુલમીયા અમીનમીયા પીરજાદા નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૨ ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મ ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૫/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

ધારીના દેવડા ગામે ૧૦ વર્ષની બાળકી પર દીપડાનો હિંસક હુમલો

ધારી,તા.૦૫

ધારી તાલુકાના દેવડા ગામે એક હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે, જ્યાં મોટાભાઈ સવજીભાઈ કાનાણીની વાડીમાં ભાગીદારીથી ખેતીકામ કરતા નિઝામભાઈ રાઠવાની ૧૦ વર્ષની દીકરી રેવની પર દીપડાએ અચાનક હુમલો કરી દીધો હતો. બાળકી પોતાના ભાઈને ફોન આપવા જઈ રહી હતી, તે સમયે ઝાડીઓમાંથી ધસી આવેલા


તસવીર : સંજય વાળા

દીપડાએ તેના પર પંજો માર્યો હતો.

આ હુમલામાં રેવની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ બાળકીની નાજુક હાલત જોઈ વધુ સારવાર અર્થે અમરેલી હોસ્પિટલ રિફર કરવામાં આવી છે.

આ બનાવની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ધારી સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. વન વિભાગે ઘટના અંગે નોંધ કરી દીપડાને પાંજરે પૂરવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લદ્દાખમાં લશ્કરી વાહન ૬૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યું, બે જવાનોના મોત

લદ્દાખ, તા. ૦૫

લદ્દાખમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧ પર નામિકા લા પાસ નજીક એક ભારે લશ્કરી વાહન રસ્તા પરથી લપસીને ૬૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યું હતું. આ દુર્ઘટનામાં ભારતીય સેનાના બે જવાનોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં વાહનના ડ્રાઇવર અને સહ-ડ્રાઇવરનો સમાવેશ થાય છે. અકસ્માતની જાણ



થતાં જ સ્થાનિક પોલીસ, સેનાના જવાનો, આઇટીબીપી અને એનડીઆરએફની ટીમોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. ભારે મુશ્કેલીઓ વચ્ચે બંને મૃતદેહોને બહાર કાઢી ચિકતનના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. ટેકનિકલ ખામી, માનવીય ભૂલ સહિતના તમામ પાસાઓની તપાસ કરાશે. અગાઉ પૂંછના સુરનકોટ વિસ્તારમાં વાહન ખીણમાં પડતાં બે મહિલાઓ સહિત છનાં મોત થયાં હતાં. ત્રણ લોકો ઘાયલ થયા હતા.

તમિલનાડુમાં રૂ. ૧૦૦ માં ૧૦ શાકભાજીની 'વેત્રી સ્પેશિયલ' કીટનું વેચાણ કરાયું શરૂ

ચેન્નાઈ,તા.૦૫

તમિલનાડુ સરકાર દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે મોંઘવારીમાંથી રાહત આપવા માટે 'વેત્રી સ્પેશિયલ વેજીટેબલ પેકેજ' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ રૂ. ૧૦૦ માં ૧૦ આવશ્યક શાકભાજી તથા રસોઈ સાધન સામગ્રીની ૨.૫૫ થી ૨.૬૦ કિલોની ખાસ કીટ આપવામાં આવી રહી છે. આ કીટમાં ડુંગળી, ટામેટાં, રીંગણ, બટાકા, ગાજર, કઠોળ, લીલા મરચાં, લીંબુ, આદુ



અને નારિયેળનો સમાવેશ થાય છે. તમિલનાડુ સહકારી વિભાગ દ્વારા ૫ થી ૭ નવેમ્બર દરમિયાન ૨૧૮ પસંદગીના કેન્દ્રો અને મોબાઈલ વાન દ્વારા આ કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

પંજાબમાં પરાળી બાળવાના બનાવોમાં સતત વધારો, અત્યાર સુધીમાં ૨,૩૪૭ કેસ પોલીસ ચોપડે નોંધાયા

ચંડીગઢ,તા.૦૫

પંજાબમાં દર વર્ષે પરાળી બાળવાની ઘટનાઓથી વાયુ પ્રદૂષણમાં ચિંતાજનક વધારો થાય છે. આ વર્ષની સિઝનમાં અત્યાર સુધીમાં પરાળી સળગાવવાના કુલ કેસો વધીને ૨,૩૪૭ સુધી પહોંચી ગયા છે. ૪ નવેમ્બરના રોજ પંજાબમાં પરાળી સળગાવવાના વધુ ૧૫૧ નવા કેસ નોંધાયા હતા.



પ્રદૂષણના મુખ્ય કેન્દ્રોમાં તરનતારનમાં સૌથી વધુ ૫૫૮, ફિરોઝપુરમાં ૩૧૬ અને અમૃતસરમાં ૨૦૭ બનાવો નોંધાયા છે. આ ત્રણ જિલ્લાઓ જ કુલ કેસોના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે. વહીવટીતંત્રે નિયમોનું ઉલ્લંઘન કરનારા ખેડૂતો સામે કડક કાર્યવાહી કરતાં કરોડો રૂપિયાનો દંડ ફટકાર્યો છે, ૬૪૭ એફઆઈઆર નોંધી છે અને ૭૨૩ મહેસૂલી રેકોર્ડમાં 'લાલ એન્ટ્રી' કરી છે. આમ છતાં, ધુમાડાના કારણે પંજાબ તેમજ દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક રીતે વધી રહ્યું છે.

શરદ પવારને પીએમ મોદીએ ફોન કરી સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી

પુણે,તા.૦૫

એનસીપી (એસપી)ના વડા શરદ પવારને તબિયતમાં સુધારા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરદ પવારને ફોન કરીને તેમના સ્વાસ્થ્યના સમાચાર પૂછ્યા હતા.

પવારના પારિવારિક મિત્ર વિઠ્ઠલ મણિયારના જણાવ્યા અનુસાર, પીએમ મોદીએ શરદ પવારને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા જણાવ્યું હતું અને સુપ્રિયા સુળે




તેમજ અમે દેશની જવાબદારી સંભાળવા તૈયાર છીએ તેવો વિશ્વાસ અપાવ્યો હતો. સામે શરદ પવારે પણ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

બળાત્કાર અને પોક્સો કેસોમાં ઝડપી ન્યાય બાબતે કેબિનેટે ફાસ્ટ ટ્રેક કોર્ટ યોજના ૨૦૩૧ સુધી લંબાવી

નવી દિલ્હી,તા.૦૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે બળાત્કાર અને પોક્સો (POCSO) એક્ટના કેસોની ઝડપી સુનાવણી માટે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ યોજનાને વધુ પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે. આ યોજના ૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૩૧ સુધી અમલમાં રહેશે.



આ યોજનાનો કુલ ખર્ચ રૂ. ૩,૭૮૮.૦૪ કરોડ છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨,૩૫૩.૧૫ કરોડ નિર્ભયા ફંડમાંથી ચૂકવવામાં આવશે. આ યોજના હેઠળ કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટની સંખ્યા વધારીને ૮૫૦ કરવામાં આવશે, જેમાં ૩૯૯થી વધુ ખાસ પોક્સો કોર્ટનો પણ સમાવેશ થાય છે. ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ શરૂ થયેલી આ યોજના દ્વારા અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો છે. આ નિર્ણયથી પીડિત મહિલાઓ અને બાળકોને સમયબધ્ધ ન્યાય મળશે.

દિલ્હીમાં ૨૦ વર્ષ પછી જંતર-મંતર પરથી બેરિકેડ્સ હટાવાયા: રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાયો

નવી દિલ્હી,તા.૦૫

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં જંતર-મંતર રોડ લગભગ ૨૦ વર્ષના લાંબા સમયગાળા બાદ જાહેર જનતા અને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સુરક્ષા સમીક્ષા બાદ દિલ્હી પોલીસે અહીં વર્ષોથી લગાવવામાં આવેલા ભારે બેરિકેડ્સ દૂર કરી દીધા છે,




જેનાથી સ્થાનિક રહેવાસીઓને મોટી રાહત મળી છે.

ગૃહ મંત્રાલય દ્વારા રચાયેલી સમિતિની ભલામણોના આધારે દિલ્હી પોલીસ કમિશનરે આદેશ જારી કરીને જંતર-મંતરને વિરોધ પ્રદર્શનના સ્થળ તરીકે સત્તાવાર રીતે રદ (ડિનોટિફાય) કર્યું છે. પોલીસે સુપ્રીમ કોર્ટને પણ જણાવ્યું હતું કે ટ્રાફિક અને સુરક્ષાના કારણોસર આ સ્થળ હવે પ્રદર્શનો માટે યોગ્ય નથી. વિરોધ પ્રદર્શનો માટે રામલીલા મેદાન, CBD ગ્રાઉન્ડ અને બુરારી ગ્રાઉન્ડ જેવા ત્રણ વૈકલ્પિક સ્થળો નક્કી કરવામાં આવ્યા છે.

રાહુલ ગાંધી વિરુધ્ધ એફઆઈઆર નોંધવાની અરજી ફગાવી, અલ્હાબાદ હાઈકોર્ટે આપ્યો ચુકાદો

અલ્હાબાદ,તા.૦૫

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને શીખ સમુદાય અંગે આપેલા નિવેદન મામલે અલ્હાબાદ હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે રાહુલ ગાંધીની અમેરિકા મુલાકાત દરમિયાન શીખ સમુદાય વિશે કરાયેલી કથિત ટિપ્પણી બદલ તેમની સામે એફઆઈઆર (FIR) નોંધવાની માંગ કરતી અરજી ફગાવી દીધી



છે. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો છે. અરજદાર નાગેશ્વર મિશ્રા અને અન્ય લોકોએ સપ્ટેમ્બર ૨૦૨૪માં રાહુલ ગાંધીના અમેરિકા પ્રવાસ દરમિયાન શીખોની ધાર્મિક સ્વતંત્રતા અંગે આપેલા નિવેદન સામે વારાણસી ટ્રાયલ કોર્ટમાં અરજી કરી હતી, જે રદ થતાં તેમણે હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અલ્હાબાદ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને યથાવત રાખી રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે.

આઝમ ખાનને સુપ્રીમ કોર્ટનો ઝટકો: ધરપકડ સામેની અરજી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર


અલ્હાબાદ,તા.૦૫

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મંત્રી આઝમ ખાનની ઈડી (ED) દ્વારા કરાયેલી ધરપકડનો કેસ હવે અલ્હાબાદ હાઈકોર્ટમાં ચાલશે. સુપ્રીમ કોર્ટે તેમની ધરપકડને પડકારતી અરજી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી છે અને ૧૬ નવેમ્બરે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચને આ અંગે સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન આઝમ ખાનના વકીલ કપિલ સિબ્બલે રાજકીય ઉત્પીડનનો આરોપ લગાવતા કહ્યું કે, ૮૭ એફઆઈઆર નોંધાયા બાદ જામીન મળતા જ તેમની ફરી ધરપકડ કરી લેવાઈ હતી. ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે કેસની યોગ્યતા પર ટિપ્પણી કર્યા વિના અરજી હાઈકોર્ટ મોકલી આપી છે અને આઝમ ખાનની વચગાળાની રાહતની વિનંતી પર પણ વિચાર કરવા હાઈકોર્ટને આદેશ આપ્યો છે.

ગાઝિયાબાદમાં ભાજપની પદયાત્રામાં સીએમ યોગી આદિત્યનાથના કોંગ્રેસ પર આકરા પ્રહારો

ગાઝિયાબાદ,તા.૦૫

ગાઝિયાબાદમાં ભાજપની 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો' પદયાત્રા દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસ અને વિપક્ષ પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ૧૯૭૫માં કટોકટી લાદનારી કોંગ્રેસ માટે લોકશાહીની વાત કરવી હાસ્યાસ્પદ છે.



સીએમ યોગીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ દેશની બંધારણીય સંસ્થાઓ, ઈવીએમ અને ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવી પોતાના પરાજય માટે બીજાને દોષ આપે છે. તેમણે પીએમ મોદીના નેતૃત્વમાં ભારતની બદલાયેલી તસવીર રજૂ કરતાં કહ્યું કે, દેશ હવે આતંકવાદ અને ભ્રષ્ટાચારથી મુક્ત થઈ વિશ્વના અગ્રણી અર્થતંત્રોમાં સામેલ થયો છે. કોંગ્રેસે દેશના વિકાસમાં માત્ર અવરોધો જ ઊભા કર્યા છે, જેને જનતા હવે સારી રીતે ઓળખી ગઈ છે.

રાહુલ ગાંધીની રેલીના જવાબમાં વેપારી સંગઠન CAIT દ્વારા રાષ્ટ્રવ્યાપી 'નિંદા દિવસ' ઉજવવાની જાહેરાત

નવી દિલ્હી,તા.૦૫

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને વિરોધ પ્રદર્શનો અને રાજકીય રેલીઓના કારણે બજારોમાં થતા નાણાકીય નુકસાન અંગે ગંભીર નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

તહેવારો અને લગ્નસરાની મોસમમાં દિલ્હી સહિત



દેશભરમાં વેપારી પ્રવૃત્તિઓ ખોરવાતાં સંગઠને આકરી ટીકા કરી છે.

CAITના રાષ્ટ્રીય પ્રમુખ બી. સી. ભરતિયાએ રાહુલ ગાંધી પર બેવડા ધોરણ અપનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું કે એક તરફ લોકોને સ્થાનિક બજારોમાંથી ખરીદી કરવાની અપીલ કરાય છે અને બીજી તરફ એવા કાર્યક્રમોને સમર્થન અપાય છે જેથી ગ્રાહકો બજાર સુધી પહોંચી જ શકતા નથી. આ મુદ્દે વેપારીઓની આજીવિકાના અધિકારની રક્ષા કરવા માટે સંગઠને દિવાળી પછી નવી દિલ્હીમાં બેઠક યોજીને રાષ્ટ્રવ્યાપી 'શરમ દિવસ' (નિંદા દિવસ) મનાવવાની જાહેરાત કરી છે.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની હાર અંગે જે.ડી. વાન્સે ઈરાન યુધ્ધને જવાબદાર ઠેરવ્યું

વોશિંગ્ટન,તા.૦૫

યુએસ મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટ્સ સામે રિપબ્લિકન પાર્ટીના ભારે પરાજય બાદ ઉપપ્રમુખ જેડી વાન્સે આ હાર માટે ઈરાન સાથેના અમેરિકાના યુધ્ધ અને તેના કારણે વધેલી મોંઘવારીને જવાબદાર ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર સ્વીકાર્યું કે યુધ્ધના કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ વધતાં અને ફુગાવો ઊંચો



જતાં ૨૦૨૪માં ટ્રમ્પને મત આપનારા ઘણા મતદારો નારાજ થઈને ડેમોક્રેટ્સ તરફ વળ્યા હતા.

આ ચૂંટણી પરિણામો સાથે જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ યુએસ કોંગ્રેસના બંને ગૃહો પરનું નિયંત્રણ ગુમાવ્યું છે. ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની ૪૩૫માંથી ૨૩૧ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે, જ્યારે સેનેટમાં પણ ૫૪ બેઠકો સાથે વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. કેન્સાસ, ટેક્સાસ અને સાઉથ કેરોલિના જેવા રિપબ્લિકન ગઢ ગણાતા રાજ્યોમાં પણ દાયકાઓ પછી ડેમોક્રેટ્સે યાદગાર જીત નોંધાવી છે.

દિવાળીના તહેવારો ટાણે અદાણીએ ફરી સીએનજીના ભાવમાં વધારો કર્યો

અમદાવાદ,તા.૦૫



અદાણી કંપની દ્વારા સીએનજીના ભાવમાં ફરી વધારો કરવામાં આવ્યો છે. માત્ર ૧૩ દિવસમાં બીજી વખત પ્રતિ કિલો રૂ. ૨.૩૦નો વધારો ઝીંકવામાં આવતાં સીએનજીનો ભાવ રૂ. ૯૮.૪૭થી વધીને રૂ. ૧૦૦.૭૭ થયો છે. આ અગાઉ ૨૩ ઓક્ટોબરના રોજ પણ પ્રતિ કિલો રૂ. ૪.૪૫નો મોટો ભાવવધારો કરવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારોના ગણતરીના દિવસો પહેલાં જ સતત બીજા ભાવવધારાથી સીએનજીનો ભાવ ઐતિહાસિક રીતે રૂ. ૧૦૦ની સપાટી વટાવી ગયો છે. આ વધારાની સીધી અસર સામાન્ય નાગરિકો, રોજિંદા મુસાફરી કરતા વાહનચાલકો અને ખાસ કરીને રિક્ષાચાલકો પર પડશે. ઈંધણના ખર્ચમાં વધારો થતાં રિક્ષાચાલકોની રોજની આવક પર પણ અસર થવાની શક્યતા છે. છેલ્લા ઘણા સમયથી સીએનજીના સતત વધતા ભાવને કારણે રિક્ષાચાલકો સરકાર પાસે સબસિડી આપવાની માંગ કરી રહ્યા છે. જોકે, હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તહેવારોના સમયે જ થયેલા ભાવવધારાથી વાહનચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે અને સરકાર રાહત આપે તેવી માંગ ઉઠી છે.

ઉત્તરકાશીમાં ચારધામ યાત્રાએ ગયેલા સુરતના પરિવારની કાર નદીમાં ખાબકી

પિતા-પુત્રી સહિત ચાર લોકોના મોત, બે લોકોની શોધખોળ

સુરત,તા.૦૫



ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગંગોત્રી નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાતાં સુરતના પટેલ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ચારધામની યાત્રાએ ગયેલા પરિવારની ઈનોવા કાર ઊંડી ખીણમાં ખાબકીને નદીમાં પડતાં અશોકભાઈ પટેલ, તેમનાં પત્ની સુધાબેન અને પુત્રી રૂતિકા સહિત ત્રણનાં મોત થયાં હતાં. જ્યારે પુત્ર વેદાંત ગંભીર રીતે ઘાયલ થયો છે.મળતી માહિતી મુજબ સુરતમાં વકીલાત કરતા અશોકભાઈ પટેલ ૩૧ ઓક્ટોબરે પત્ની, બે સંતાનો અને અન્ય ત્રણ સંબંધીઓ સાથે ચારધામ યાત્રાએ નીકળ્યા હતા. આજે ગંગોત્રી નેશનલ હાઈવે પરથી પસાર થતી વખતે તેમની કાર ખીણમાં ખાબકી હતી.અકસ્માતનાં પગલે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કતારગામના સર્કલ ઓફિસર સંજય હડિયાના જણાવ્યા મુજબ, દુર્ઘટનામાં ડ્રાઈવર સહિત ચારનાં મોત થયાં છે, બે લોકો લાપતા છે અને એક વ્યક્તિ ઘાયલ છે.

ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના સહયોગથી આકાર પામેલી

અમરેલીમાં સૌરાષ્ટ્રની પ્રથમ VR લેબ શરૂ : 7D ટેકનોલોજીથી શિક્ષણ અપાશે


અમરેલી,તા.૦૫



શિક્ષણ ક્ષેત્રે આધુનિક ડિજિટલ ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ વધારવાના હેતુથી અમરેલી નજીક આવેલી 'ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલ' દ્વારા સૌરાષ્ટ્રની પ્રથમ વર્ચ્યુઅલ રિયાલિટી (VR) લેબ અને AI-સક્ષમ 7D ચેરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સુવિધાના માધ્યમથી વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ભૂગોળ અને ઇતિહાસ જેવા જટિલ વિષયો ગોખવાના બદલે પ્રત્યક્ષ વર્ચ્યુઅલ અનુભવથી આસાનીથી શીખી શકશે. આ અદ્યતન સુવિધાનો લાભ અમરેલી જિલ્લાની તમામ સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે તદ્દન નિઃશુલ્ક રખાયો છે.

આ અદ્યતન લેબમાં ૩૦૦થી વધુ શૈક્ષણિક વિષયોને VRની મદદથી જીવંત નિહાળવાની તક મળે છે. લેબમાં સ્થાપિત ૧૦ એઆઈ-સક્ષમ 7D ચેર ૩૬૦ ડિગ્રી રોટેશન, વાઈબ્રેશન અને સંવેદનાત્મક અસરોથી સજ્જ છે. આ ટેકનોલોજીથી વિદ્યાર્થીઓ દાંડીકૂચની ઐતિહાસિક યાત્રાનો માહોલ, ભૂકંપ દરમિયાન થતા કંપનોનો સુરક્ષિત અનુભવ તેમજ સમુદ્રી જીવસૃષ્ટિનો રોમાંચક અનુભવ મેળવી શકશે.

શાળાના સંચાલક જય કાથરોટિયાએ જણાવ્યું કે, બાળકો દ્રશ્ય અને અનુભવ આધારિત માધ્યમથી વિષયો કાયમ માટે યાદ રાખી શકે છે. આ ટેકનોલોજીનો લાભ છેવાડાના ગામડાંના બાળકો સુધી પહોંચે તે અમારો મુખ્ય હેતુ છે. ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના સહયોગથી આકાર પામેલી આ સુવિધાનો પ્રથમ જ મહિનામાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. અગાઉ 'ટેકનોરથ સ્ટાર્ટઅપ સ્ટુડિયો' દ્વારા રાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર આ શાળાએ આધુનિક શિક્ષણ ક્ષેત્રે એક નવો આયામ સ્થાપિત કર્યો છે.



ચૈતર વસાવાના સમર્થનમાં ગાંધીનગરમાં આદિવાસી ન્યાય મહાસંમેલન યોજાયું

ગોપાલ ઇટાલિયાએ ભાજપ સરકાર પર રાજકીય દ્વેષભાવનાથી કાર્યવાહી કરવાનો લગાવ્યો આરોપ

ગાંધીનગર,તા.૦૫



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી સમાજના નેતા ચૈતર વસાવાના સમર્થનમાં બુધવારે ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા ગ્રાઉન્ડ ખાતે આદિવાસી ન્યાય મહાસંમેલન યોજાયું હતું. ઉમરગામથી અંબાજી સુધી ૨૪ ઓક્ટોબરથી શરૂ થયેલી આદિવાસી ન્યાયયાત્રાના સમાપન પ્રસંગે યોજાયેલા મહાસંમેલનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયાએ ભાજપ સરકાર પર રાજકીય દ્વેષભાવનાથી કાર્યવાહી કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવા સામે ભાજપ સરકારે ખોટી રીતે કાર્યવાહી કરીને તેમને જેલમાં મોકલ્યા છે. તેના વિરોધમાં આદિવાસી ન્યાયયાત્રા યોજવામાં આવી હતી, જેને લોકોનો વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. ગોપાલ ઇટાલિયાએ સરકારને ચીમકી આપતાં જણાવ્યું હતું કે, હજુ સમય છે, રાજકીય દ્વેષભાવના અને બદલાની રાજનીતિ બંધ કરો. સમાજનું કામ કરતા લોકોને જેલમાં પૂરવાને બદલે ગુનેગારો સામે કાર્યવાહી કરો. સમાજ માટે લડતા લોકોને જેલમાં પૂરશો તો વર્ષ ૨૦૨૭માં જનતા તમને સત્તામાંથી બેઘર કરી દેશે. મહાસંમેલનમાં ચૈતર વસાવાના સમર્થનમાં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ જોવા મળી હતી.









